


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* જાન્યુઆરી ૨૦૨૧ * વર્ષ ૩૫ * અંક ૧૦

પોષીપૂર્ણિમા મહાપર્વે શ્રી ગુણાતીત દીક્ષાદિન... અનુપમ સંતોના વ્રતધારણદિન... તથા
બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત શિખરસંપન્ન મંદિરજીમાં બિરાજિત શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજના પ્રથમ પાટોત્સવના
ત્રિવેણી મંગલ પ્રસંગે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !


નૂતન યુગના
ઉઘાડને આવકારવા,
ચાલો ! આપણાં જીવન અને
મનનાં કમાડ ઉઘાડીએ !

શ્રી ઠાકોરજી મહારાજની કૃપા, ગુરુહરિના આશીર્વાદ અને સંતો-ભક્તોની ભક્તિ રૂપી હાંહાંગડથલના સુફલ રૂપે મોગરી સ્થિત અનુપમ મિશનની તીર્થતપોભૂમિ પર પ્રાદુર્ભાવ પામેલા આપણા દિવ્ય મંદિરજીમાં હાજરાહજૂર શ્રી ઈષ્ટદેવ તથા ગુણાતીત સત્પુરુષોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાના પ્રથમ પાટોત્સવનો મંગલ ઉત્સવ આ પોષીપૂર્ણિમાએ આવ્યો છે !

ભાગવતી દીક્ષાના મહા મંગલકારી પર્વે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીને આપણાં સૌનાં સાષ્ટાંગ દંડવત-હૃદયવંદન છે !

આ વર્ષે સમય-સંજોગની અનુકૂળતા મુજબ આપણે આ મહાપર્વના રૂબરૂ કે ડિજિટલ માધ્યમથી દર્શન અને સેવાના લાભ પ્રાપ્ત કરીશું, એ આપણા સૌ પર શ્રી ઠાકોરજી મહારાજની મહેર હશે !

ગત લગભગ એક વર્ષના સમય દરમિયાન પ્રવર્તમાન વિપદ કાળના કારણે દેશ અને દુનિયાના આપણા બહુધા સંતો-અક્ષરમુક્તોને આપણા મંદિરજીનાં અને તેમાં વિરાજમાન શ્રી ઠાકોરજીનાં દર્શનનાં સુખ મહદ્ અંશે ડિજિટલ માધ્યમ દ્વારા જ પ્રાપ્ત થયાં. છતાં, આપણાં સૌનાં હૃદય આપણા શ્રી મંદિરજી અને શ્રી ઠાકોરજી સહિત ગુરુહરિ સાહેબજી પ્રતિ ગદ્‌ગદ ધન્યભાવ અને માહાત્મ્યયુક્ત ભક્તિથી સભર ભર્યાં-ભર્યાં છે ! આવી બ્રહ્માનંદપ્રદ અનુભૂતિ એ આપણા સાધુ સાથેના દીર્ઘ સદ્‌સંગ અને પ્રસંગની ફળશ્રુતિ છે.



સંતભગવંત સાહેબજીની પ્રાર્થના અને આશીર્વાદથી સુખદ કાળના આરંભનાં એંધાણ સ્પષ્ટ છે ; દિવ્ય નૂતન યુગના ઉદયનો આછો ઉજાસ પણ અનુભવાય છે. એક અર્થમાં તો, આપણા શ્રી મંદિરજીનો પ્રથમ પાટોત્સવ એ દિવ્ય નૂતન યુગના ઉદયનાં પ્રથમ કિરણોને આપણાં નવજીવન અને હૃદયમાં વધાવવાનું ઉલ્લાસપર્વ છે.

આ નૂતન યુગના દિવ્ય જીવનને આવકારવા આપણાં મન અને જીવનનાં કમાડ ઉઘાડીએ. એ કમાડ ઉઘાડવાની કૂંચી પણ આપણી જ સમજણ અને તેનાં યથાર્થ આચરણમાં પડી છે.

ભગવાનનો અતિ દૃઢ આશરો, ભગવાનના પ્રગટ સ્વરૂપમાં સમ્યક્ નિર્દોષબુદ્ધિ, ભગવાનધારક સાધુ સાથે જીવની પ્રીતિ ને આત્મબુદ્ધિ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ; - આ ચારેય એ કૂંચીઓ છે !

આ વર્ષે આપણે શ્રી ગુણાતીતાનંદ સ્વામી દીક્ષા મહાપર્વના અને પ્રથમ પાટોત્સવ પર્વના રૂબરૂ કે ડિજિટલ માધ્યમથી દર્શન અને સેવાના લાભ પ્રાપ્ત કરીએ ત્યારે એ દુર્લભ લાભને માહાત્મ્યસભર હૃદયે માણીએ. પ્રાર્થના કરીએ કે :

હે પ્રભુ ! હે સાહેબદાદા !

ભગવાનનો અતિ દૃઢ આશરો કેળવવા, આપના સ્વરૂપમાં સહજ સમ્યક્ નિર્દોષબુદ્ધિ રાખવા, ભગવાનધારક એવા સદ્‌ગુરુઓ અશ્વિનદાદા, શાંતિદાદા જેવા સાધુ સાથે જીવની પ્રીતિ ને આત્મબુદ્ધિ દૃઢ કરવા અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણને સ્વાભાવિક જીવન બનાવવા અમારી સુરુચિ અને હાંહાંગડથલ રૂપ ભક્તિયત્નમાં આપ બળ પૂરજો, અખંડ સાથે રહેજો ને રક્ષા કરજો, પ્રભુ !

~ સાધુ મનોજદાસ



# સદ્‌ગુરુ સંત પૂજ્ય અરુણદાદાને અમૃત પ્રાગટ્ય મંગલે ભાવવંદના !

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અત્યંત કૃપાપાત્ર એવા સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદાનો અમૃતપર્વ ડિજિટલ સભાના માધ્યમ દ્વારા ૧૨-૧૩ જાન્યુઆરીના રોજ ભક્તિભાવથી ઉજવાયો. ધારી સ્થિત 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય', 'કમુબા મહિલા અધ્યાપન મંદિર' અને 'કુ. મણિબહેન વલ્લભભાઈ પટેલ કન્યા છાત્રાલય'ની હાલમાં તેમજ ભૂતકાળમાં અભ્યાસ કરી ચૂકેલી વિદ્યાર્થિનીઓએ નૃત્ય, કવિતાપઠન, પ્રાગટ્યગીતનાં ગાન અને પૂ. અરુણદાદાના ૭૫ ગુણોનાં વર્ણન કરીને તેમજ અર્ચનાબહેન અને નીલામાસીએ ગૃહમાતા તરીકેની પોતાની સેવા દરમિયાનનાં સંસ્મરણોની સ્મૃતિ વર્ણવીને પોતાના હૃદયભાવ વ્યક્ત કરી પૂ. અરુણદાદા પ્રત્યેની ભક્તિ અદા કરી. સાધુ પૂ. રણછોડદાસજી અને પૂ. જસાણીદાદાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા પૂ. અરુણદાદાના અદ્‌ભુત મહિમાનું ગાન કર્યું.

આ સભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી પૂ. અરુણદાદાના અદ્‌ભુત જીવન-માહાત્મ્યને છતું કર્યું. તેઓની મનનીય પ્રેરક આશિષ સરવાણી સંપાદિત કરી અત્રે સૌના સ્વાધ્યાય માટે પ્રકાશિત કરી તેઓના શ્રીચરણોમાં ભાવવંદના ધરીએ છીએ !





**અરુણભાઈ !** સાચો સરળ સાધુ
જાગ્રતતા જાણપણે જીવે, સુહૃદભાવે સૌને સાચવે
સૌમાં 'સાહેબજી' જુએ, સાહેબજી રાજી થાય તેમ વર્તે
મન જીતીને સાધના કરે, આજ્ઞાને પ્રધાનપણે અનુસરે
દાસત્વે ભરપૂર સાધુ,
દેહાતીત જીવે ને માને, શિસ્ત પાળે ને પળાવે
સાહેબજીને રાજી કરે ને કરાવે
હૈયું પ્રાર્થનાથી ભીંજાયેલું, તે સૌને માટે પ્રાર્થે ને આનંદે
યોગીબાપા જીવનપ્રાણ, યોગીબાપાનો પ્રાણ સાહેબજી
સાહેબજી હૈયે શ્રીજી ધબકે, સાહેબજીને આત્મા માને
તે માનીને પ્રતિપળ વર્તે, યોગમાં આવે તેને પ્રભુ આપે
પ્રભુની પ્રત્યક્ષતા સમજાવે, સાહેબમાં સૌને જોડતા રહે
ને સદા રાજી રાજી રહે, સાહેબજીનો પ્રેમ પામી સુખી રહે
અપેક્ષા રહિત વર્તન કરે, સાથીદારોને મોટા માને,
તે સૌના દાસ બની પ્રેમ કરે, સૌના સાચા મિત્ર ને સેવક
અહંશૂન્ય... બ્રહ્મભાવે જીવે, સૌને મોટા માને
સંબંધીને સર્વને, તેમાં સાહેબજીનાં ચૈતન્યો
સર્વને શુદ્ધ કરવા મંડ્યા રહે



સૌના સ્વભાવ પર કડક, સૌને કડકાઈ ઉપર પ્રેમ છાંટે
સૌને વ્હાલ કરી નિર્દોષ કરે, સૌ જે સાહેબજીનાં તે પ્રભુનાં
સૌ મારાં પોતાનાં માને... સાહેબજીના ગમતામાં વર્તાવે
શ્રીજી-સ્વામીની ઉપાસના દૃઢ કરાવે.
જે સેવા સાહેબજીએ સોંપી, તે કરતા રહી, પ્રભુ રાજી કર્યા
સાહેબજીની કૃપા અઢળક ઢળી, તો આજે સાહેબજીના દાસ થયા
સાહેબજી સંબંધી સૌના સેવક બન્યા, શૂન્ય બન્યા... પ્રેમલ બન્યા
તે 'અરુણદાદા' થઈ ગયા, અરુણ 'દાસના દાસ' થઈ ગયા.

**હે અરુણદાદા !**

આપની પ્રાર્થનાના પ્રવાહે, અમને સદા ભીંજવતા રહો
અમને સાહેબજીનાં સાચાં સંતાનો બનાવી દો !
આપના અમૃતમંગલે સૌને અમૃતમય... સાહેબજીમય કરો
સાચા પ્રગટ પ્રત્યક્ષના ઉપાસકો બનાવો
સાચા સાધુ-સેવક-ભક્ત બનાવો !

**~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય શાંતિદાદા**

**સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા :**

- અમારા સુહૃદ સાથીદાર અને આપણા સૌનાય વહાલા એવા પરમ પૂજ્ય અરુણદાદાનું આજે અમૃતપર્વ-૭૫મો પ્રાગટ્યપર્વ ! અરુણભાઈ ૧૯ વર્ષની ઉંમરે પ્રભુ ભજવાનો નિશ્ચય કરીને ગૃહત્યાગ કરી નીકળી ગયા, તેઓ વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરવા આવ્યા હતા, પૉલિટૅક્નિકમાં ઍડમિશન લીધેલું. સાથે જોડીદાર તરીકે હર્ષદભાઈ, અંબાલાલ શાસ્ત્રી, પ્રેમસ્વરૂપ સ્વામી-એટલે પ્રફુલ્લભાઈ; હૉસ્ટેલમાં એ બધા સાથીદારો સાથે રહીને ગુરુવારની સભાના સભ્ય બન્યા અને એમાંથી યોગીબાપાની પ્રસન્નતાનું પાત્ર બનવા સુધી પહોંચ્યા.
- કાકાજી મહારાજની અદ્‌ભુત માહાત્મ્યની વાતો સાંભળીને જીવન અર્પણ કરવાના રૂડા સંકલ્પ કર્યા ને એ પ્રમાણે ૧૯૬૫માં જ્યારે પ.પૂ. પ્રભુદાસભાઈ-એટલે હરિપ્રસાદ સ્વામીજીને દીક્ષા આપવાની હતી ત્યારે એમની સાથેના અન્ય યુવાનો અને વિશેષ કરીને અમારા સાથીદાર એવા પ્રેમસ્વરૂપ સ્વામી-એટલે પ્રફુલ્લભાઈની જોડે જોડે એમનો પણ દીક્ષામાં નંબર આવે એ ભાવથી તેઓ ગૃહત્યાગ કરી, વિદ્યાભ્યાસનો ત્યાગ કરી, વલ્લભવિદ્યાનગરથી ગોંડલ પહોંચી અમારા સૌનીય સાથે જોડાયા હતા.
- ઘરે માતા-પિતા, કુટુંબીજનોનો વિરોધ અને એ વિરોધમાંથી યોગીબાપાએ અદ્‌ભુત માર્ગ શોધી કાઢી, માણાવદરમાં એમનો મુકામ નિશ્ચિત કરી આપ્યો ત્યાંથી એમની આધ્યાત્મિક પ્રગતિ શરૂ થઈ. યોગીજી મહારાજે અરુણભાઈને, ગુણાતીતનો પ્રદેશ-જૂનાગઢના માણાવદરમાં સામેથી મૂક્યા. અક્ષરદેરી-ગોંડલથી નીકળી તેઓ અક્ષરદેરી-માણાવદરે આવ્યા. વલ્લભવિદ્યાનગર યુવકમંડળની ટ્રેનિંગ, દાદુકાકાએ સીંચેલું માહાત્મ્ય, ગુરુહરિ સાહેબદાદાનું માર્ગદર્શન અને એ પ્રમાણે એમણે જીવનની પૂરેપૂરી શક્તિઓને ભક્તિમાં પરિવર્તિત કરવા માટે અનેક પ્રકારની પ્રવૃત્તિઓનો માણાવદર મંદિરમાં પ્રારંભ કર્યો.
- આ ૧૯-૨૦ વર્ષનો હજુ તો ઊછરતો યુવાન, એમાંય વળી ચરોતરનો પાટીદાર ! અને સૌરાષ્ટ્રમાં જઈને, કાઠિયાવાડી લોકો સાથે રહેવાનું અને એમની સાથે તાલમેળ મેળવવાનો. માણાવદર મંદિરે આવતાં નાનાં નાનાં બાળકો કે જેમને જીવન શું છે એ જ ખબર નહીં, ધમાલ-મસ્તી-રખડી ખાવું, તોફાન કરવું; એવાને શિસ્તબદ્ધ રીતે મંદિરના ભક્તિના કાર્યક્રમોમાં જોડવાના. અરુણભાઈનું પોતાનું જીવન જ એટલું શિસ્તબદ્ધ, નિયમિત, સંયમિત, અને એક ઠાકોરજી અને ગુરુહરિ સાહેબદાદા તરફ જ એમની એક દૃષ્ટિ અને અનુસંધાન ! એ રીતે પોતે જીવ્યા તો હેતથી, પ્રેમથી જે જે યુવાનો એમની સાથે જોડાતા ગયા તેમનું જીવન ઘડતર થતું ગયું. અરુણભાઈનું આવું જીવન-આચરણ, વર્તન જોઈને દેવશીબાપા જેવા જૂની પેઢીના, જૂની સત્સંગી માન્યતાઓવાળા વડીલ હરિભક્તને પણ સાધુતાની કસોટીમાંથી પાર ઊતરેલા યુવાનને માટે ખૂબ જ ભાવ-પ્રેમભાવ થયો !
- અરુણભાઈએ એક અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા લોકો સાથે પોતાનું જે સ્થાન જમાવ્યું, એ એકમાત્ર પ્રભુનિષ્ઠા અને પ્રભુના કાર્યમાં સમર્પિત થઈને કામ કરવાની અદ્‌ભુત શક્તિ ! પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી એક જગ્યા ઉપર પલાંઠી વાળીને એમણે જે ધૂણી ધખાવી એને પરિણામે અનુપમ મિશનના અત્યારના-વર્તમાનકાળના ઘણા બધા માણાવદરના વ્રતધારી સાધકો એ ત્યાંની ભેટ છે.
- એ પછીનો બીજો પડાવ એમનો ધારી વિશેનો. ૧૯૯૨-યોગી શતાબ્દીના વર્ષે ગુરુહરિ સાહેબદાદાએ યોગીબાપાના પ્રાગટ્યસ્થાનમાં યોગીબાપાના નામથી ગામને માટેની ઉપયોગી પ્રવૃત્તિ કરવાનો સંકલ્પ કર્યો. અને એમાં જસાણીદાદા નિમિત્ત બન્યા. જસાણીદાદા ઉંમરે મોટા, અનુભવે ઘડાયેલા, પીઢ વ્યક્તિને આ સાધુની, સાધુજીવનની કેટલી ઊંડી છાપ પડી છે તો તેઓ અરુણભાઈને પણ એ રીતે માન-સન્માન અને સદ્‌ગુરુ સાધુ તરીકે જોતા થયા ! અને અરુણભાઈ દ્વારા ગુરુહરિ સાહેબદાદાએ ધારીમાં જે જે કાંઈ પણ શુભ કાર્ય કરવાના ભાવ ધર્યા, એમાં જસાણીસાહેબ સંપૂર્ણ રીતે જોડાયા એટલું જ નહીં, પણ હોમાયા.
- યોગીબાપાના પ્રાગટ્યસ્થાનમાં એવી ધૂણી ધખાવીને અરુણભાઈ ને જસાણીદાદાએ વિદ્યાકીય ક્ષેત્રે - કન્યા કેળવણીના ક્ષેત્રે જે કાર્ય આરંભ્યું, એ અક્ષરનિવાસી ગોવિંદભાઈના હૃદયને સ્પર્શી ગયું. અને એમના અનુદાનથી આપણે હૉસ્ટેલની સુવિધા કરી શક્યા.
- ધારી કૉલેજના પ્રાધ્યાપકોની નિમણૂક માટેના તમામ કાર્યક્રમોમાં, કૉલેજ સુપેરે સરકારના કાયદા પ્રમાણે પાટે ચઢે એવી સઘળી બાબતોમાં એન. આર. દાદાની પોતાની કોઠાસૂઝ ને કુનેહનો લાભ અરુણભાઈને મળ્યો, એમની હૂંફ અને એમનું માર્ગદર્શન મળ્યું.
- વ્યાસબાપા હતા ત્યાં સુધી તેઓ અરુણભાઈની જોડમાં હતા. એ પછી ગુરુહરિ સાહેબદાદાનો એમના ઉપર કેટલો બધો ભરોસો, કેટલો બધો વિશ્વાસ કે, 'એક અરુણ છે એ પૂરતો છે અને એ પોતાની જાતને તો સાચવશે જ, પણ એના સંબંધ અને સંપર્કમાં જે કોઈ આવશે એને ભગવાનની સાથે જોડશે.' તો એમના રખોપા કે એમની જોડ તરીકે પણ એમણે કોઈ સાધુને ત્યાં નિયુક્ત કર્યા નહીં.

- માત્ર શાળા-કૉલેજનો જ વહીવટ નહીં, પણ સાહેબદાદાએ ૧૦૦ વીઘાં જમીન લઈને, ખેતી કરાવીને, એની ઉપજ-પેદાશથી આ કન્યા કેળવણીનું કામ સારી રીતે ચાલે એ માટેની – જેને આપણે કહીએ કે, એક આર્થિક વ્યવસ્થા પણ સાહેબદાદાએ ગોઠવી આપી અને એ ખેતી કરાવવાનું કામ પણ અરુણભાઈએ કર્યું. જેમ જમીન ખેડે અને એમાં બીજ વાવે, એમ આ વિદ્યાના ક્ષેત્રના માધ્યમ દ્વારા એમણે સંસ્કારનાં બીજ વાવ્યાં, પ્રગટની નિષ્ઠાનાં બીજ વાવ્યાં. આવું ચૈતન્યના ઘડતરનું બેઠું કામ અરુણભાઈને ધારીમાં સોંપ્યું. જ્યાં જે કામ સોંપ્યું ત્યાં જે કંઈ પણ હાથવગું થયું એનો સાધન તરીકે ઉપયોગ કરીને પણ પ્રભુપ્રીત્યર્થે એને વાપરતા કરવાનું એ સાધુનું કામ છે. અને એવી સાધુતા અરુણભાઈએ દીપાવી એ એમના અમૃતપર્વની શોભા છે ! એમનાં જીવન, વર્તન અને આચરણથી ધારી ગામના પ્રતિષ્ઠિત નાગરિકો ઉપર પણ અનુપમ મિશનની એક ભાત અને છાપ પડી કે, આ કંઈક જુદી સંસ્થા છે અને એ કંઈક જુદી રીતે પ્રવૃત્તિ કરે છે.
- અરુણભાઈએ એકલે હાથે ધૂણી ધખાવીને યોગીબાપાના નામ ઉપર જ કામ કર્યું અને કેવા પુરુષ આ ગામમાં પ્રગટી ગયા, એનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. આપણા સૌના ગુરુ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનનાં દર્શન કરવા માટે ગુણાતીત સમાજની બધી જ ભગિની સંસ્થાઓના ભક્તો, સંતો ધારી પધારે ત્યારે સૌની એકસરખા ભાવથી માહાત્મ્યયુક્ત સેવા અરુણભાઈ બજાવે છે. ઉતારા-પાગરણની, ભોજનની બધી જ વ્યવસ્થા કરે. પંચતીર્થ કરવા નીકળેલા ભક્તોની આગતા-સ્વાગતા, સેવા-સરભરા પણ અરુણભાઈએ ટાંચાં સાધનોમાં પણ નિભાવી છે. પોતે તો ટાંચાં સાધનો વિશે સમાવેશ કરીને રહ્યા, પણ આવનારા ભક્તોને કદી એમણે ટાંચપનો અનુભવ થવા દીધો નથી.
- એ રીતે સાહેબદાદાના નામ અને કામની સુવાસ પ્રસરાવાના સાધન બનીને ખરા સાધુતાના જીવનધર્મને દીપાવીને અરુણભાઈ બેય પ્રસાદીનાં સ્થાનો – માણાવદરમાં અને ધારીમાં જીવ્યા. અરુણભાઈની પોતાની ઈચ્છા તો હતી ગુરુહરિ સાહેબદાદાના સાંનિધ્યમાં અને પોતાના સાથીદાર સાધકોની સાથે રહેવાની, પણ મનનું અ-મન કરી, સાહેબદાદાએ જે આજ્ઞા આપી એ આજ્ઞામાં સ-મન થઈને, એમાં સંપૂર્ણ-સમગ્ર રીતે પોતાના તંત્રને વાપર્યું તો ગુરુકૃપા થઈ, તો રૂડા સાધુગુણેયુક્ત તેઓનું માનવઘોકડું બની ગયું અને એવા સાધુ, સંસારના ભાવોથી ઉપર ઊઠી ગયેલા સાચા અર્થના સંન્યાસી બની ગયા !
- ભગતજી મહારાજનું જીવનચરિત્ર વાંચીએ ત્યારે જાણે-અજાણે અરુણભાઈના જીવનપ્રસંગોની સાથે સરખામણી થાય. એવી તાવણીમાંથી તેઓ તપ્યા છે અને તપ્યા છે ત્યારે પાક્યા છે. આજે આપણે તેઓના અમૃતપર્વ નિમિત્તે માહાત્મ્યગાન કરીએ છીએ એ તો નિમિત્તમાત્ર છે. કાર્ય બહુ વિશાળ છે, એની અંદર પડેલું જે બીજ છે, તે વિશેષ છે. આવા સાધુ આ સંસારમાં મળવા દુર્લભ છે. એમનો મહિમા સમજવો એ બહુ મહત્ત્વની અને અગત્યની બાબત છે.
- અરુણભાઈએ ખરેખર સાહેબદાદાનું ખૂબ શોભાડ્યું છે. જેમણે ગુરુના નામની, કામની આવી સુવાસ વધારી છે એવા સાધુને તો વારંવાર વંદન કરવાનાં હોય, એમનો મહિમા ગાવા માટેના તો શબ્દો પણ ઓછા પડે. ◆

**સંતભગવંત સાહેબદાદા :**

- પૂ. અરુણભાઈ પર યોગીબાપાની કૃપાદૃષ્ટિ પડી. અમારા સૌ પર એમની દૃષ્ટિ પડી. યોગીબાપાની દૃષ્ટિ પડી એટલે દેહ ને આત્મા નોખો થઈ ગયો. શું નોખો ? પૂર્વજન્મનો ભગવાનની સાથેનો સંબંધ જાગ્રત થઈ ગયો. માયાનું લેયર ખસી ગયું, આત્મામાં રહેલા પરમાત્મા પ્રકાશિત થયા. માર્ગ નક્કી થઈ ગયો. બાપાએ અમને સૌને કહ્યું કે, 'તમને સાધુ બનાવવા છે, ભગવાંધારી સાધુ નહીં, આ જ કપડે સાધુ રાખવા છે, તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' એ સેનામાં બાપાને અરુણને જોડવો હતો એટલે અરુણને માણાવદર મોકલી આપ્યો.
- એ પહેલાં દાદુકાકાની આજ્ઞાથી અરુણ નાસિક ગયો. કુરુક્ષેત્રના લેકનું કામ ચાલતું હતું ત્યારે નંદાસાહેબને એક અંગત ભાઈની જરૂર હતી એટલે કાકાએ અરુણભાઈને ત્યાં મોકલ્યા. ગુરુજીને દિલ્હી જવાનું થયું તો ગુરુજીની સેવામાં દિલ્હી પણ અરુણભાઈ ગયા. સાંકરદા અક્ષરવિહારી સ્વામી ને સંતોની સેવામાં પણ અરુણ રહ્યો. પણ બાપાએ એને માણાવદર રાખ્યો.
- અરુણ એટલો નિયમબદ્ધ, ખૂબ શિસ્તબદ્ધ અને સરસ જીવન જીવતો હતો ! ત્યાં હરિભાઈએ એનું બહુ ધ્યાન રાખ્યું. પહેલાં અરુણને દેવશીબાપા કહે એમ કરવું પડે, પણ અરુણના જીવનવર્તનને જોઈને દેવશીબાપા એટલા ખુશ થઈ ગયા કે, સમૈયા-ઉત્સવ કેમ ઊજવવા એ અરુણને પૂછે અને એ પ્રમાણે માણાવદરના સમૈયા ઊજવવા માંડ્યા.



- અરુણે તો દાદુકાકા, પપ્પાજી, સંત બહેનો, હરિપ્રસાદસ્વામી ને સંતોનો અપરંપાર મહિમા ગાઈને માણાવદરમાં મહિમાસભર સમાજ બનાવ્યો, એમાંથી કેટલા બધા યુવાનો આપણને મળ્યા ! અક્ષરનિવાસી ગોવિંદભાઈ ચપલા, હરસુખભાઈ, અશોક બાબુ, રમેશભાઈ ઝા, પીટરભાઈ, ચંદ્રેશ ને સૌ સૌરાષ્ટ્રના આપણા સંતો અને ત્યાં રણછોડભાઈ, દિનાભાઈ, ભરતભાઈ ને સંતો ; આ બધાને વ્યાસબાપા અને અરુણે ભેગા થઈને તૈયાર કર્યા. એ બધાની સાથે રહીને પ્રેરક, પુનિત, નીરવ અને યુવાન સાધકોની કેટલી સરસ ટીમ તૈયાર થઈ !
- માણાવદરની પ્રાણપ્રતિષ્ઠા વખતે બાપાએ કહેલું, "ગોંડલમાં જેમ અક્ષરદેરીમાં સંકલ્પો, મનોરથ પૂરા થાય છે એવા ધૂન, ભજન, પ્રાર્થના કરીને જે અહીંયાં સંકલ્પ-મનોરથ-માનતા માનશે તે પૂરા થશે." અરુણ ત્યાં બેસીને મહાપૂજા કરે. આપણા વ્રતધારી સંતો, દેશ-પરદેશ વસતા આપણા બધા હરિભક્તો માટે પ્રાર્થનાઓ કરે. બધા સુખિયા તો થયા, પણ સાધુતાના ગુણો પ્રાપ્ત થયા. અને અરુણે પણ સાધુતા પ્રાપ્ત કરી.
- બાપાના શતાબ્દી પર્વે બધાના સાથ સહકારથી આપણું અહીંનું મંદિર અને યોગીજી મહારાજ મહાવિદ્યાલયના બધા પ્રૉજેક્ટ ખરેખર સરળતાથી પાર પડ્યા. એ ધારી કૉલેજના વહીવટ માટે વ્યાસબાપા ને અરુણને અશ્વિનભાઈ, શાંતિભાઈની આજ્ઞાથી ત્યાં મૂક્યા. અને ખરેખર ધારીમાં શરૂઆતમાં જસાણીદાદા અને રાધામાસીએ માવતર તરીકે અરુણભાઈ અને વ્યાસબાપાને હૂંફ આપી અને આખું સંચાલન એમના માટે સરળ થઈ પડ્યું. અશ્વિનભાઈની આજ્ઞાથી એન. આર.દાદાએ અરુણને કૉલેજના વહીવટમાં, યુનિવર્સિટી જોડે કામ કરવામાં, સ્ટાફ સિલેક્ટ કરવામાં બધી રીતે ખૂબ મોટો ફાળો આપ્યો.
- અરુણભાઈને બાપાના પ્રાગટ્યસ્થાને-મંદિરે રોજ નિયમિત જવાનું, દર્શન કરવાનાં, આખા સમાજના સંતો ને ભક્તો માટે ધૂન કરીને પ્રાર્થના કરવાની. કોઈની કાંઈ પણ પ્રાર્થના આવી હોય તો ઠાકોરજીને ત્યાં થઈને બાપાના જન્મસ્થાને પહોંચાડે. અને એટલા બધા નિયમિત કે, જે ટાઈમે જે કરવાનું હોય એ અચૂક કરે !
- અરુણભાઈએ દીકરીઓ ઉપર ખૂબ કડકાઈ રાખેલી છે. કારણ કે દીકરીઓની કૉલેજ, દીકરીઓની હૉસ્ટેલ, એમાં એવા કડક માણસની જરૂર પડે કે જેથી દીકરીઓ ત્રણ વરસમાં સારું ભણે, ચારિત્રશીલ બને અને જ્યારે પરણીને સાસરે જાય ત્યારે ભક્તિમય રહી લક્ષ્મીસ્વરૂપા બનીને જાય. એવું અરુણભાઈ ને વ્યાસબાપાએ એમની ગુરુભક્તિ અદા કરવા માટે ખરેખર અદ્‌ભુત કાર્ય કર્યું ! આજે કેટલી બધી ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ ભેગી થઈને કૉન્ફરન્સ ફૉન દ્વારા સભાઓ કરે છે. તેઓએ ખૂબ સુંદર કાર્યક્રમ આપ્યો, આ અરુણભાઈની સાધુતાનો પ્રભાવ છે !
- વ્યાસબાપા અને અરુણભાઈ સ્ટાફનો સહકાર લઈને, વાલીઓને વિશ્વાસમાં લઈને, દીકરીઓને પ્રેમથી મહેનત કરાવે છે. પ્રાર્થના-સભા કરીને અશ્વિનભાઈ, શાંતિભાઈને બોલાવી સુંદર વાતો કરીને, જસાણીદાદાનું સુંદર ગાઈડન્સ લઈને કૉલેજનો સુંદર વહીવટ કરે છે તો કૉલેજનું પરિણામ પણ મોટે ભાગે ૯૦થી ૧૦૦ ટકાની વચ્ચે આવે. ઘણી વખત તો ૧૦૦ ટકા પરિણામ આવ્યું. એને લીધે યુનિવર્સિટીમાં આપણી ધારી કૉલેજે યોગીજી મહારાજનું નામ રોશન કર્યું ! કૉલેજની પરીક્ષાઓમાં દરેક નવા કે જૂના - જે કોઈ વાઈસ ચાન્સેલર આવે તેઓ સ્ક્વૉડને એક સૂચના અચૂક આપે કે, સૌરાષ્ટ્રમાં બધે જજો પણ ધારી કૉલેજનો ધક્કો નહીં ખાતા. ત્યાં નહીં જાવ તોય ત્યાં ચોરી નહીં થાય. આટલી સુવાસ અરુણભાઈ, વ્યાસબાપા, જસાણીદાદાએ ધારી કૉલેજની યુનિવર્સિટીમાં અને સૌરાષ્ટ્રમાં પ્રસરાવી છે. અને છોકરીઓ પણ હૉસ્ટેલમાં રહે તો એમનાં મા-બાપને એમ થાય કે, અમારી છોકરીઓ સેઈફ છે. સરસ ભણશે, ચારિત્ર્યવાન બનશે અને ભક્તિમય બનીને ઘરે આવશે.
- તમે માનશો ? સૌરાષ્ટ્રનાં ઘણાં ગામોમાં દીકરીઓ શ્રાવણ મહિનામાં ઘરે ઘરે જઈને મહાપૂજાઓ કરે છે અને ગામના વાતાવરણને ભક્તિમય બનાવી દે છે. આ દીકરીઓ એટલી સરસ મહાપૂજા કરે અને બધાને શ્રદ્ધા પણ એટલી બધી કે, સૌ આમંત્રણ આપે. બિનસત્સંગી હોય તો પણ કહે કે, અમારા ઘરે આવીને પૂજા કરો. આટલી સરસ દીકરીઓ તૈયાર કરીને, ભણાવી-ગણાવીને આવી ભક્તિમય બનાવી એવું મોટું કામ ક્યારે શક્ય બને ? અરુણભાઈ ને વ્યાસબાપા જેવા સંતોની ભક્તિથી તે થયું છે.
- મૂકસેવક તરીકે ઘણાએ અરુણભાઈનાં દર્શન કર્યાં હશે, પણ એમનું માહાત્મ્ય સમજ્યા પછી આપણને ભાવ થાય કે, ખરેખર, યોગીબાપાએ આવા સાધુને તૈયાર કરીને આપણને ભેટ આપી છે ! એવા સાધુને લાખ લાખ વંદન છે ! અરુણભાઈને અમૃતપર્વનાં ખાસ ખાસ અભિનંદન ! ◆





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨ : 'બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું'ના નિરૂપણ પૂર્વે આશીર્વચન, ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

*બીજા બજારી બકાલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ...*

'બકાલ' એટલે ખબર છે ? શાકભાજીને 'બકાલું' કહે અને શાકભાજી વેચનારને 'બકાલ' કહે. બીજા બધા 'બકાલ'–શાકભાજી વેચનારા છે અને આપણે હીરાના વેપારી છીએ. જે ભગવાનમાં રહે છે, ભગવાનને અર્થે જીવન જીવે છે અને ભગવાન સિવાય કાંઈ ઇચ્છતો નથી એ સાધુ ! – એ સિવાયના બીજા બધા 'બકાલ' છે. શાકભાજીનો કાઠિયાવાડી શબ્દ છે 'બકાલું'. યોગીબાપા ખાસ આ ભજન ગાઈને સંતોને કહેતા કે, 'મળ્યો મહા મોટો માલ રે, સંતો શીદને રહીએ રે કંગાલ.' ભગવાન મળ્યા, સાધુ મળ્યા એના જેવો બીજો કોઈ મોટો માલ નથી.

આ કીર્તનમાં 'રાજાની રાણી ભમી ભીખ માગે' એ કડીમાં વાઘરણનું દૃષ્ટાંત આવે છે. યોગીબાપા કહેતા, 'રાજાને ગમી એ રાણી, છાણાં વીણતાં આણી.' એક સારી દેખાવડી ને હૃષ્ટપુષ્ટ વાઘરણ હતી તે રાજાને ગમી ગઈ, તો રાજા તેને પરણી ગયા. પણ જાતની તે વાઘરણ છે તે ખબર નહિ. આ રાણીને બત્રીસ પ્રકારનાં ભોજન આવે તોય છ–બાર મહિનામાં તો તે સુકાવા માંડી. કેટલાય વૈદ્યો, હકીમો, ડૉક્ટરોની ટીમ કામે લાગી તોય એને સારું થયું નહીં. પછી એક હોશિયાર વૈદ્યે થોડા દિવસ અવલોકન કર્યું, તો ખબર પડી કે રાણી કશું ખાતી જ નહોતી. પછી વૈદ્યે એનું કુળ જોયું કે, આ ક્યાંથી આવી છે ? ત્યારે ખબર પડી કે, આ તો માગી ખાનારી વાઘરણ છે. આ રાણી થયેલી વાઘરણને માગી ખાવાના હેવા પડ્યા હતા. એટલે વગર માગ્યે તૈયાર ભાણું આવે તે ખાય નહિ. પછી વૈદ્યે થાળ લઈને જતી દાસીને કહ્યું કે, 'થાળ આપીને જતા રહેવું, પણ ત્યાં બેસવું નહિ.' દાસી જતી રહી પછી કોઈ નહોતું ત્યારે રાણીએ બારી–બારણાં બંધ કર્યાં ને ઓરડાના ગોખલે ગોખલે થોડું થોડું ખાવાનું મૂકી આવી. પછી સાવરણીની સળીઓ તોડીને દાતણ કર્યાં ને કપડાની ઝોળી બનાવી, તેને ખભે ભરાવી ગોખલે–ગોખલે જાય ને બોલે, 'દેજે મહાલક્ષ્મી ! બટકું રોટલો...' એમ કહીને, ગોખલા પાસે જઈને ઊભી રહે ને પેલી સળી ગોખલામાં મૂકે અને ત્યાંથી પોતાની જાતે જ ખાવાનું લઈને ઝોળીમાં નાખે ને ખૂણામાં બેસીને તેમાંથી ખાતી જાય. તો છ મહિનામાં તો રાણીબહેન પબેડા જેવાં થઈ ગયાં. એટલે રાજાએ વૈદ્યને પૂછ્યું, 'તમે આની શી દવા કરી ?' બીજા દિવસે થાળ ગયો ત્યારે વૈદ્યે રાજાને બતાવ્યું કે, રાણી શો ખેલ કરે છે. આ જોઈ રાજા કહે, 'અરેરે, આ તો વાઘરણ છે. રાજમહેલમાં આવી તોય એના વાઘરણવેડા ગયા નહીં. આને હમણાં ને હમણાં અહીંથી કાઢી મૂકો.' આમ, તેને ઘર–લજામણી જાણીને મહેલમાંથી કાઢી મૂકી.

યોગીજી મહારાજ કહે, ભગવાન આપણને વર્યા, ભગવાને આપણો સ્વીકાર કર્યો, ભગવાને આપણને ગ્રહણ કર્યા તો આપણા જે જૂના માગણિયાત હેવા, રાગ, ભાવ ને ભગવાન સિવાય બીજામાં જે આનંદ માણીએ છીએ એ વાઘરણવેડા છે; એ છોડો. ભગવાન સિવાય બીજી કોઈ અપેક્ષા છે, ભગવાન સિવાય કાંઈ જોઈએ છે, કશું મેળવવું છે, એટલે ભગવાન કહે, તમે કંગાલ રહો છો. ભગવાન મળ્યા, સાધુ મળ્યા એની મસ્તી જ જુદી હોય, એ કંગાલ ના હોય.

'વચનામૃત ગઢડા મધ્ય ૨૨ : બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું' હમણાં આ ભજન ગાયું એના ઉપર જ આ 'વચનામૃત' છે.

આપણે જાણીએ છીએ આખો ઈતિહાસ કે, સ્વામિનારાયણ ભગવાન પોતે ઓગણીસ વર્ષની ઉંમરે ગુજરાતમાં પધાર્યા. લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં એમનું દિલ ઠર્યું અને એમણે પોતે સંકલ્પ કર્યો કે, ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી માનવને મહામાનવ બનાવવાના માર્ગની શરૂઆત કરવી છે. રામાનંદ સ્વામીના આશ્રમને પોતાનો બેઈઝ બનાવ્યો, ત્યાં રોકાયા, રહ્યા. એ જ વર્ષે દીક્ષા લીધી. ૨૧ વર્ષની ઉંમરે રામાનંદ સ્વામીએ એમને ગાદી પર બેસાડ્યા.

બે દિવસ પહેલાં એક ભાઈ પૂછતા હતા કે, 'ભગવાન ભગવાં વસ્ત્રો પહેરતા હતા ને પછી આવાં વસ્ત્રો પહેરતા ક્યારથી થઈ ગયા ? એવું કેમ કર્યું ? મહારાજે રામાનંદ સ્વામી પાસે ભાગવતી દીક્ષા લીધી હતી અને રામાનંદ સ્વામીએ 'સહજાનંદ સ્વામી' નામ પાડ્યું. પણ રામાનંદ સ્વામીએ એમને ગાદી પર બેસાડી આચાર્ય બનાવ્યા એટલે એમને કપડાંનું બંધન છૂટી ગયું. આચાર્ય મહારાજ તરીકે જે કપડાં પહેરવાં હોય તે પહેરી શકાય. અત્યારે આપણા આચાર્ય મહારાજ - રાકેશપ્રસાદજી મહારાજ, તેજેન્દ્રપ્રસાદજી મહારાજ, કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ જે કપડાં પહેરે છે, એમ એકવીસ વર્ષની ઉંમરે ગાદી પર બેઠા પછી મહારાજે આચાર્યનાં કપડાં પહેરવાની શરૂઆત કરી.

મહારાજની ઉંમર એકવીસથી ચાલીસની થઈ ત્યાં સુધી–વીસ વર્ષ તેઓ બધે વિચરણ કરતા હતા, પણ મંદિર કર્યાં નહોતાં. મહારાજે ૩૦૦૦ સાધુઓ, ૫૦૦ પરમહંસો અને લાખો હરિભક્તો બનાવ્યા, પણ દાદા ખાચરના દરબારમાં, જીવા ખાચરના દરબારમાં ને બધા દરબારોને ત્યાં તેઓ રહ્યા. ઝાડ નીચે બધા આરામ કરે, વાસ બધો ફરે, પણ કોઈ મંદિર હતું નહીં. એટલે મુક્તાનંદ સ્વામીની પ્રાર્થનાથી મહારાજે મંદિર કરવા, સરસ મૂર્તિઓ પધરાવવી, મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી દૈવત મૂકે એવા સાધુઓ બનાવવા, મંદિર–સાધુ–ભગવાનનું માહાત્મ્ય પ્રસરાવે એવાં શાસ્ત્રો કરવાં અને એને અનુરૂપ સેવાભાવી ભક્તો તૈયાર કરવા; આવા બધા છ સંકલ્પો મહારાજે કર્યા.

એમાં પહેલાંમાં પહેલું મંદિર મહારાજે અમદાવાદમાં કર્યું. પહેલાં અમદાવાદમાં મુસલમાની રાજ હતું, મુસલમાની સૂબો હતો. સ્વામિનારાયણ ભગવાનના પ્રભાવ ને પ્રતાપને લઈને સ્વામિનારાયણ સંપ્રદાય તરફ બધા બહુ આકર્ષાયા એટલે મુસલમાનોને લાગતું કે, મહારાજ આપણા માટે જોખમકારક છે. એટલે સૂબાએ સ્વામિનારાયણ ભગવાનને પોતાના રાજદરબારમાં બોલાવ્યા. મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો એટલે પહેલાં તો મહારાજે એમની પાસે જમીન માગી કે, 'મંદિર કરવા અમને જમીન આપો.' ત્યારે સૂબાએ કહ્યું કે, 'મારું રાજ છે ત્યાં સુધી તો તમને જમીન આપીશ નહીં.' ત્યારે મહારાજ કહે, 'તમારું રાજ જશે ત્યારે તો મને જમીન મળશેને !' એટલે સૂબો અકળાયો. એણે મહારાજને આમંત્રિત કરીને દરબારમાં બોલાવ્યા. આપણે આ પ્રસંગ જાણીએ છીએ. તેલને ઉકાળીને આસનની નીચે મૂક્યું ને ઉપર ખાલી ગાલીચો જ પાથર્યો કે જેથી મહારાજ બેસે એટલે સીધા તેલમાં પડે. મહારાજ સૂબાને મળવા આવ્યા ને પહેલાં લાકડી ગાલીચા ઉપર અડાડી તો ગાલીચો અંદર પડી ગયો અને સૂબાની પોલ ખુલ્લી પડી ગઈ. એટલે મહારાજ એનાથી કુરાજી થઈ ગયા ને ત્યાંથી નીકળી ગયા. એ સૂબાનું પુણ્ય ખલાસ થઈ ગયું. થોડા સમય પછી અંગ્રેજોએ આખું અમદાવાદ લઈ લીધું.

ત્યારે આ સૂબાના કારણે અમદાવાદમાં વ્યસનો, કુસંગો, ગુનાઓ ને બધું બહુ જ હતું. અંગ્રેજો બુદ્ધિશાળી ને બૅસ્ટ ઍડમિનિસ્ટ્રેટર હતા ને એમણે પ્રજાના હિતનાં કામો બહુ કર્યાં. એમણે મીટિંગ કરી કે, આ શહેર આટલું સરસ છે, દેશ આટલો સરસ છે ને આટલા બધા ગુના ને ન્યૂસન્સને ઘટાડવા માટે શું કરવું જોઈએ? એમાં એક બુદ્ધિશાળી માણસે કહ્યું કે, આ વ્યસન–કુસંગથી માણસોને સુધારવા માટે પહેલાં તો એમનું આખું માનસ સુધારવું પડે. અને કાયદા–કાનૂનથી થોડા વખત માટે બધું થશે, પણ એ કાયમી ઉપાય નથી. એવું કાયમી કરવું

યોગીબાપા
ખાસ ભજન ગાઈને સંતોને કહેતા કે,
'મળ્યો મહા મોટો માલ રે,
સંતો શીદને રહીએ રે કંગાલ.'





**જે ભગવાનમાં રહે છે, ભગવાનને અર્થે જીવન જીવે છે અને ભગવાન સિવાય કાંઇ ઇચ્છતો નથી એ સાધુ !**

હોય તો વર્તમાનકાળે સ્વામિનારાયણ ભગવાન એક એવા પુરુષ છે કે, જેમના સંપર્કમાં આવનારા માણસોનું માનસ બદલાય છે. તો એમને તમે આમંત્રિત કરો ને કહો કે અહીં અમદાવાદ શહેર પર કૃપા વરસાવે. એટલે અંગ્રેજોએ સ્વામિનારાયણ મહારાજને આમંત્રિત કર્યા. સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. અંગ્રેજોએ એમનું સ્વાગત કર્યું. પછી અંગ્રેજ હાકેમે સ્વામિનારાયણ ભગવાનને વિનંતી કરી, પ્રાર્થના કરી કે, 'જેમ સૌરાષ્ટ્રમાં તમારા સંપર્કમાં આવવાથી, તમારી સેવા કરવાથી, તમારી વાતો સાંભળવાથી, તમારાં દર્શન કરવાથી માણસો કુસંગ, વ્યસન અને નકારાત્મકભાવ, આસુરીભાવથી મુક્ત બની સારું જીવન જીવતા થયા, એવી તમે અહીં અમદાવાદ ઉપર પણ કૃપાદષ્ટિ કરો !'

ત્યારે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'અમેય સંકલ્પ કર્યો છે, અમારે અહીં મંદિર કરવું છે, એના માટે જમીન જોઈએ.' સ્વામિનારાયણ ભગવાનની વાત સાંભળી અંગ્રેજોએ કહ્યું કે, 'અમદાવાદની આજુબાજુ જ્યાં જેટલી જમીન તમારે જોઈતી હોય તે તમે નક્કી કરો ત્યાં તમને તેટલી જમીન આપીએ.' અને અંગ્રેજોએ અમલદારોને એવો જ ઑર્ડર આપ્યો. એટલે પછી મહારાજ સંતો સાથે માણકી ઘોડી લઈને નીકળ્યા. અત્યારે જે કાળુપુર એરિયા છે તે ત્યારે અમદાવાદની બહાર હતો અને અત્યારે કાળુપુર મંદિરનો જે એરિયા છે ત્યાં બોરડીઓ હતી તે મહારાજે સિલેક્ટ કર્યો. મહારાજે ઘોડી છૂટ્ટી મૂકી અને જેટલામાં ઘોડી ફરી એટલી જમીન અંગ્રેજોએ મહારાજને આપી.

બે મંદિરોમાં એવું બન્યું. એક અમદાવાદમાં મંદિર કરવા સ્વામિનારાયણ ભગવાન બોલ્યા હતા, 'આ મુસલમાનનો સૂબો ના પાડે છે પણ તે સૂબો જશે ત્યારે તો આપણને જમીન મળશે ને !' એટલે જમીન મળી. મહારાજે પહેલું મંદિર અમદાવાદમાં કર્યું ને નરનારાયણ દેવની મૂર્તિઓ પધરાવી. આ 'વચનામૃત' એના ઉપર છે – નરનારાયણ દેવની ગાદીનું. નરનારાયણ દેવની પ્રાણપ્રતિષ્ઠા થઈ એ પછી મહારાજે આ વાત કરી છે.

બીજું, ગઢપુર મંદિર માટે એવું થયું. સ્વામિનારાયણ ભગવાનને ગઢપુરમાં મંદિર કરવું હતું. દાદા ખાચરના કાકા જીવા ખાચર પાસે નદીના પટની બધી જમીન એમના નામે હતી. આજે દાદા ખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીનું જે મંદિર છે, એ મંદિર ત્યારે મહારાજે કર્યું નહોતું. મહારાજની ઈચ્છા હતી કે, નદી કિનારે ટેકરા ઉપર મંદિર કરવું છે. સ્વામિનારાયણ ભગવાને આ જગ્યા પસંદ કરેલી. દાદા ખાચર કહે, 'આ જગ્યા મારી નથી, મારા કાકા જીવા ખાચરના નામે છે.' તો મહારાજે જીવા ખાચરને બોલાવ્યા ને કહ્યું, 'આ જગ્યાએ આપણે મંદિર કરવું છે, તો જગ્યા આપો.' જીવા ખાચર કહે, 'જગ્યા તમારી જ છે ને મહારાજ ! વાપરો જેટલી જમીન વાપરવી હોય એટલી.' ત્યારે મહારાજ કહે, 'જીવા ખાચર, તમે મને લખાણ કરી આપો પછી મંદિર બનાવું.' ત્યારે એ કહે, 'મહારાજ, આપણે એક જ છીએ, એમાં લખવાની શી માથાકૂટ કરવી ?' મહારાજ કહે, 'ના, તમે લખી આપો તો જ મંદિર કરું. રાજા, વાજાં ને વાંદરાં, કંઈ ઊંધું પડ્યું અને કાલે તમે કહો કે, બિસ્તરા લઈને જતા રહો તો અમારા સાધુ ક્યાં જાય બિચારા ?' ત્યારે જીવા ખાચર કહે, 'મહારાજ, લખવાની વાત જવા દો. આપણે કશી લખાણપટ્ટી કરવી નથી. મંદિર કરવું હોય તો કરો, નહીં તો તમે જાણો.' આવી લમણાકૂટ ચાલતી હતી ત્યારે દાદા ખાચર કહે, 'મહારાજ, આ જડ માણસ છે, ઝટ સમજે તેવા નથી.' ઘણા એવા જડ જેવા હોય છે, પોતાનો લઠ લઈને જ ફરે, કોઈનું માને નહીં. ભગવાન આવે કે, ભગવાન જેવા કોઈ માણસ આવે તોય એમની વાતમાં એને સમજ પડે નહીં. પોતાની જાતને જ હોશિયાર માનતા હોય. ઘણા આવા લઠ લેનારા હોય, એમાંના આ એક હતા. દાદા ખાચર કહે, 'આ લપ મૂકો મહારાજ, મારા દરબારની આગળ ઘણી જગ્યા પડી છે, તેને તમે વાપરો. લાવો તમને લખી આપું.' એમણે

મહારાજને લખી આપ્યું પછી મહારાજે દાદા ખાચરના ચોકમાં શ્રી ગોપીનાથજીનું મંદિર કર્યું.

શાસ્ત્રીજી મહારાજે જે મંદિર કર્યાં એમાં ઘણા બધા અખ્તરડાહ્યા એવા પ્રશ્ન પૂછે છે કે, 'ગઢડામાં સ્વામિનારાયણ ભગવાને કરેલું શ્રી ગોપીનાથજીનું મંદિર હતું, તો પછી બીજું મંદિર શું કામ કર્યું ?' બે મંદિર વચ્ચે અહીંથી તે દરવાજે જઈએ એટલું અંતર છે. તો ત્યાં શાસ્ત્રીજી મહારાજે શું કામ મંદિર કર્યું ? અને બીજું સારંગપુરમાં મંદિર કર્યું, ત્યાંય મંદિર છે ને શું કામ કર્યું ? કૉમ્પિટિશનમાં જ મંદિર કર્યુંને ! બધા એવું કહેવા માગતા હોય. પણ આ બેઉ જગ્યાએ મંદિર કરવાનો સંકલ્પ સ્વામિનારાયણ ભગવાનનો હતો. શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં જે મંદિર કર્યું એ સ્વામિનારાયણ ભગવાને કાશીદાસ મોટાને આપેલું વરદાન હતું. કાશીદાસ મોટા બોચાસણના. સ્વામિનારાયણ ભગવાનના વખતના ભક્તરાજ, સ્વામિનારાયણ ભગવાનના શિષ્ય. વડોદરામાં વડતાલ મંદિર માટે શ્રી હરિકૃષ્ણ મહારાજની ને બધી મૂર્તિઓ તૈયાર થઈ ત્યારે એ વખતે બોસાસણના રસ્તેથી મહારાજ ગાડામાં મૂર્તિઓ સાથે આવ્યા. બોચાસણમાં રાત રહ્યા. કાશીદાસ મોટાને રાત્રે ઊંઘ ના આવી કે, આ મૂર્તિઓ સ્વામિનારાયણ ભગવાન વડતાલ લઈને જાય છે તો મહારાજને પ્રાર્થના કરું કે, આ મૂર્તિઓ અહીં જ પધરાવે, અહીં જ બોચાસણમાં મંદિર કરે. હું જમીન આપું. કાશીદાસ મોટાએ સ્વામિનારાયણ ભગવાનને સવારે પ્રાર્થના કરી કે, 'મહારાજ, ભગવાન તો ભક્તને વશ છે, ભક્તની પ્રાર્થનાને વશ છે. તો મારી પ્રાર્થના છે કે, તમે આ મૂર્તિઓ લઈ ના જશો હવે. મંદિર કરીને આ મૂર્તિઓ અહીં પધરાવો.' ત્યારે સ્વામિનારાયણ ભગવાન કહે, 'જુઓ કાશીદાસ મોટા, વડતાલમાં જોબન વડતાલાએ સર્વસ્વનું સમર્પણ કર્યું. એણે મને રાખવો હતો કે, મહારાજ કાયમ તમે મારે ત્યાં રહો. ત્યારે અમે તેને કહ્યું કે, 'અમે તો સાધુ રહ્યા એટલે એક જગ્યાએ રહીએ નહીં. પણ તારે ત્યાં મંદિર કરીને મૂર્તિરૂપે અખંડ રહીશું. મેં એને કોલ આપ્યો છે, વરદાન આપ્યું છે એટલે આ મૂર્તિઓ તો ત્યાં પધરાવવા માટેની છે એટલે મૂર્તિઓ તો મારે ત્યાં જ પધરાવવી છે. પણ હું તમને વરદાન આપું છું, કોલ આપું છું કે, અમે અમારા ભક્તે સહિત બોચાસણમાં બેસીશું.' સ્વામિનારાયણ ભગવાને કાશીદાસ મોટાને આવું વરદાન આપેલું કે, અમે અમારા ભક્ત સાથે અહીં બોચાસણમાં બિરાજમાન થઈશું એટલે પછી કાશીદાસ મોટાએ મૂર્તિઓ લઈ જવા દીધેલી.

શાસ્ત્રીજી મહારાજ જ્યારે વડતાલથી નીકળ્યા ત્યારે એક રાત સરદારસાહેબના બાપુજી ઝવેરભાઈના આમંત્રણથી કરમસદમાં રોકાયા હતા. ઝવેરભાઈ પાછલી અવસ્થામાં ઘરે નહીં રહેતા, રાત્રે મંદિરે સૂઈ જતા અને સવારે આરતી કરી પછી ઘરે જતા. એ ઝવેરભાઈને ખબર પડી કે, શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળી ગયા છે એટલે એક છોકરાને મોકલ્યો અને કહ્યું, સ્વામીજીને અહીં લઈ આવો. એટલે શાસ્ત્રીજી મહારાજ પહેલી રાત કરમસદ મંદિરે રહેલા. પછી કેશવલાલ પ્રાગજી – મહંત સ્વામીનું કુટુંબ ગણાય એ; અમારે જેમ સોખડામાં ત્રિભોવન મોટા હતા તેમ આણંદમાં કેશવલાલ પ્રાગજી હતા – અંબાલાલ કલ્યાણ યોજના હતા એમના દાદા. આણંદ એમને ત્યાં શાસ્ત્રીજી મહારાજ આવ્યા ને ત્યાં સભા થઈ. બધાય ભક્તો ભેગા થયા ને શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'વડતાલવાળા આપણને આમંત્રણ આપશે, બોલાવવા આવશે, દબાણ લાવશે પણ હવે આપણે વડતાલ પાછું જવું નથી.' એટલે એક ભક્તરાજે કહ્યું, 'સ્વામી, એક મંદિર જ કરી દોને એટલે પાછું જવાની વાત જ નહીં.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'મંદિર કરવાનું કહો છો, પણ મંદિર એમ ને એમ થોડું જ થાય છે? પૈસા તો જોઈએ કે ના જોઈએ?' એટલે તરત ખરડો કર્યો. તે વખતે ૪૩,૦૦૦ રૂપિયા ભેગા થઈ ગયા. અત્યારના પ્રમાણે ૩૦-૪૦ કરોડ રૂપિયા થઈ ગયા કહેવાય. પછી સોખડાના ત્રિભોવન મોટાએ ઑફર કરી. અત્યારે હરિપ્રસાદ

**ભગવાન મળ્યા, સાધુ મળ્યા**
**એના જેવો બીજો કોઈ મોટો માલ નથી.**
**એની મસ્તી જ જુદી હોય,**
**એ કંગાલ ના હોય.**





ભગવાન આપણને વર્યા,
ભગવાને આપણો સ્વીકાર કર્યો, આપણને ગ્રહણ કર્યા
તો આપણા જે જૂના માગણિયાત હેવા,
રાગ, ભાવ ને ભગવાન સિવાય
બીજામાં જે આનંદ માણીએ છીએ એ છોડો.

સ્વામીજીએ મંદિર કર્યું છે એ જગ્યા ત્રિભોવન મોટા (આપણાં મધુબહેનના દાદા)ની હતી. ત્રિભોવન મોટાએ કહ્યું કે, 'મારી જમીન આપું, ત્યાં મંદિર કરો.' અટલાદરાવાળા પ્રાગજીકાકાએ કહ્યું કે, 'મારી જમીન આપું, ત્યાં મંદિર કરો.' આણંદવાળા કહે, 'અત્યારે જે મંદિર છે એ જગ્યા તમને આપીએ, ત્યાં મંદિર કરો.' ઘણા બધા ભક્તોએ મંદિર કરવા જમીનની ઑફર આપી. બોચાસણના ભક્તોએ પણ પ્રાર્થના કરી કે, 'અમારા બોચાસણમાં મંદિર કરો.' પછી સૌએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે, 'હવે તમે આજ્ઞા કરો ત્યાં મંદિર કરીએ.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ વિચાર કરીને બોલ્યા, 'જુઓ, મંદિર કરવું છે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સનાતન આ ધરતી પર રહે એટલે ધામ-ધામી-મુક્તની મૂર્તિઓ પધરાવવી છે. પણ સ્વામિનારાયણ ભગવાને બોચાસણના કાશીદાસ મોટાને વરદાન આપ્યું હતું કે, અમારા ભક્તે સહિત બેસીશું, એટલે મારી પોતાની ઇચ્છા છે કે, મંદિર બોચાસણમાં કરીએ.' બોચાસણમાં મંદિર કરીએ તો કયા નામથી કરવું ? બોચાસણમાં પહેલું મંદિર કર્યું એટલે એટલે સર્વાનુમતે 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' એ નામ આપ્યું અને એ નામથી ફંડ ભેગું કર્યું ને મંદિર કર્યું. આમ, કાશીદાસ મોટાને સ્વામિનારાયણ ભગવાને વરદાન આપેલું એટલે શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં મંદિર કર્યું.

બીજું, જેમ મહારાજે અમદાવાદ નરનારાયણ દેવની ગાદીમાં ઘોડી ફેરવીને જમીન લીધી એવી જમીન સારંગપુરમાં પણ મહારાજે ઘોડી ફેરવીને સારંગપુરના દરબાર પાસેથી લીધી. પણ કોઈ કારણોસર ત્યાં મંદિર ના થઈ શક્યું. ત્યાં ગોપાળાનંદ સ્વામીએ કષ્ટભંજન શ્રી હનુમાનજી પધરાવ્યા એટલે 'હનુમાનજીના સારંગપુર' તરીકે તે જાણીતું થયું. તે સ્વામિનારાયણનું મંદિર હતું, પણ કષ્ટભંજન શ્રી હનુમાનજીનું મંદિર કહેવાય. સ્વામિનારાયણ ભગવાનને સ્વામિનારાયણનું મંદિર કરવું હતું. એટલે શાસ્ત્રીજી મહારાજે બોચાસણ પછી બીજું મંદિર સારંગપુરમાં કર્યું.

ત્રીજું મંદિર ગોંડલ-ગુણાતીતાનંદ સ્વામીના સમાધિસ્થાન પર કર્યું, એની પણ એક અલૌકિક કથા છે. ચોથું મંદિર અટલાદરા કર્યું, કારણ કે મહારાજે ગઢડાનું મંદિર કરવા જમીન લેવા માટેની શરૂઆત કરી હતી, પણ ભાવનગરનરેશ થોડા આડા હતા. નદી કાંઠાની જમીન બધી એમની પાસે હતી. મૂળ જૂના મંદિરવાળાએ ભાવનગર નરેશને એટલી બધી કાનભંભેરણી કરી હતી કે, મંદિર માટે જમીન આપવાની તેઓ ના પાડે. એટલે રાજાને મનાવવા માટે બધા દરબારો ને બધા હરિભક્તોએ એમનાં પત્ની-રાણીબાસાહેબનો સંપર્ક કર્યો. બધા હરિભક્તોને એમ હતું કે, હવે રાણીબા ભળ્યાં છે એટલે આપણને મંદિર માટે જમીન મળી જશે. ભાવનગર દરબારમાં છેલ્લે ફાઈલ ગઈ ને મુદત હતી ત્યારે હરિભક્તોનું ડેલિગેશન ત્યાં ભાવનગર દરબારમાં ગયું. રાજા પાસે સહી કરવા માટે ફાઈલ આવી ને રાજાએ સાધુ યજ્ઞપુરુષદાસજી-બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાની જમીન બાબતની અરજી જોઈ. એમ કહેવાય કે, લાલ શેરો મારે એટલે ફાઈલ બંધ થઈ જાય. એ વખતે રાજાએ રિમાર્ક કરી કે, આ બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાને અને સાધુ યજ્ઞપુરુષદાસજીને ભાવનગરના તાબાની એક ઇંચ જેટલી પણ જમીન આપવી નહીં અને કરી દીધી સહી. ગઢડામાં જ નહીં, પણ એમના રાજ્યમાં પણ ક્યાંય નહીં. બધા હરિભક્તો શૉક્ડ થઈ ગયા કે, 'શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે. શાસ્ત્રીજી મહારાજ વર્ષોથી કહે છે કે, ગઢડામાં ટેકરા ઉપર મંદિર કરવું છે અને આ શું થઈ ગયું!' ત્યારે શાસ્ત્રીજી મહારાજ ગઢડામાં કોઈ હરિભક્તના ઘરે બિરાજમાન હતા. ભક્તો ઢીલાં મોઢાં લઈને શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને કહ્યું કે, 'ગઢડા તો વાત સમજ્યા, પણ ભાવનગરમાં કોઈ જગ્યાએ એક ઇંચ આપણને જમીન ના આપે એવું લખ્યું છે.' એટલે શાસ્ત્રીજી મહારાજ એકદમ પરભાવમાં આવી બોલ્યા, 'એનું રાજ જશે ત્યારે તો મળશે ને જગ્યા !' (ક્રમશઃ) ◆



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

## હે વ્હાલાં આત્મીય સ્વજનો !

હે પ્રત્યક્ષ પ્રગટ સ્વરૂપનાં વ્હાલાં જનો !
હે શુદ્ધ ઉપાસના સમજી જીવતાં અનુપમ ભક્તો !

નૂતન વર્ષ ૨૦૨૧નો શુભારંભ થયો !
ચાલો ! આપણે સંકલ્પ કરીએ...
શ્રીજી અને સ્વામીનાં વચનો ઝીલીએ
યોગીબાપા અને સાહેબજીને રાજી કરીએ
અંતર આતમ શુદ્ધ પવિત્ર કરી લઈએ
મનની વૃત્તિ પ્રત્યક્ષ પ્રભુ આકારે કરીએ
બુદ્ધિ સત્પુરુષ ચરણે સંપૂર્ણ ધરી દઈએ
ચિત્તમાં પ્રભુને રાજી કરવા ચિંતન કરી લઈએ
'સ્વ' ઓગાળી રોમ રોમ પ્રભુ પ્રત્યક્ષને પધરાવીએ.
પરમનો પ્રકાશ પામી-ધારી, જીવતાં રહીએ.

હે પ્રભુ પરમ ! હે શાસ્ત્રીજી મહારાજ !
હે યોગીબાપા ! હે સાહેબજી !
હે પ્રભુનાં પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપો !

અમારા આ સંકલ્પમાં બળ પૂરજો !
આપ બળ પૂરો જ છો... તે સ્વીકાર કરાવજો
આ સંકલ્પ અમારું ધ્યેય બનાવજો !
અમે આ માગ્યું તે આપ દઈ રહ્યા છો તે મનાવજો !
આપ દેશો ત્યારે આસપાસ જે બને છે
તેના કર્તા આપ જ... અમારું રૂડું કરો છો
અમને શુદ્ધ કરો છો... નિષ્ઠા પાકી કરાવો છો
સર્વના પ્રેરક આપ જ છો
તે માની આપની સ્મૃતિ સાથે ભજન કરવા
'સ્વામિનારાયણ' મહામંત્રનું બળ લેવા
જાગ્રત રહીએ... તે કરાવજો... અમને સ્થિર રાખજો.
નૂતન વર્ષ ૨૦૨૧માં આ સંકલ્પ સિદ્ધ કરાવજો !



સાધુ શાન્તિદાસના
જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, નૂતનવર્ષ ૨૦૨૧ પ્રારંભ




# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

શ્રી યોગીગીતા પારાયણ,
૨૮ એપ્રિલ ૨૦૧૮, ખારઘર, નવી મુંબઈ

**'યોગીગીતા'** ગ્રંથના પારાયણની આજે વિધિવત્ શરૂઆત કરી. ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમણે આપેલી ગુરુ પરંપરાનાં આપણાં સર્વ સ્વરૂપોની સ્મૃતિ સહિત ગ્રંથમાહાત્મ્યથી પારાયણ શરૂ કરીએ છીએ. કોઈ પણ ધર્મગ્રંથને ભૂલથી પણ પગ અડી જાય તો આપણે પ્રાયશ્ચિત્તપૂર્વક ગ્રંથને પગે લાગીને આંખ-માથા ઉપર સ્પર્શ કરીએ છીએ. એનો ભાવ એમ છે કે, આ ભગવદ્ વાણી છે, ભગવાનની વાણી છે, પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થઈ છે-તે ભગવાનનું સ્વરૂપ છે. આવા જ ભાવથી એને મસ્તક ઉપર મૂકીને આપણે સર્વપ્રથમ પોથીની યાત્રા કરીએ છીએ. પોથીની યાત્રાની સાથે સાથે આપણે આ કથાપ્રવાહની યાત્રામાં પણ જોડાઈએ છીએ. શ્રી ઠાકોરજી સમક્ષ પૂજન, સ્થાપન કરીને મંગલાચરણથી શરૂઆત કરીએ છીએ.

'યોગીગીતા' ગ્રંથનું માહાત્મ્ય એ છે કે, યોગીજી મહારાજે સ્વહસ્તે એક ભક્ત ઉપર રાજી થઈને આશીર્વાદ સ્વરૂપે પત્રપ્રસાદી લખીને આપી એની અદ્‌ભુત સ્મૃતિ છે. બાપાએ બીમારી ગ્રહણ કરેલી. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી એક સેવક યોગીજી મહારાજની સેવામાં રહ્યા અને સાથે સાથે યોગીબાપા સાથે ઘણી જ્ઞાનગોષ્ઠિ પણ થઈ. કારણ કે, યોગીજી મહારાજ તો જીવતું જાગતું 'ભાગવત' હતા. જેમના શ્રીમુખેથી સતત ભગવાનના મહિમાની વાતો વહે છે તેને જીવતું જાગતું 'ભાગવત' કહેવાય. 'ભાગવત' એક શાસ્ત્ર-પુસ્તક પણ છે.

બીમારી પછી યોગીબાપા પાછા મંદિરના, વિચરણના કાર્યક્રમોમાં જોડાયા એટલે સેવકની સેવાનો સમય પૂરો થયો. ત્યારે સેવકે યોગીબાપાને પ્રાર્થના કરીને કહ્યું કે, 'બાપા, આપે વાતો તો બહુ કરી, પણ મને કાંઈ યાદ રહે નહીં. એમ કરો કે, મને કંઈક લખીને આપો એટલે મને આપની વાતોની, આપની સેવાની સ્મૃતિ રહે.' અને એના પરિણામે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ૧૯૪૧ના વર્ષમાં ૨૮મી માર્ચે પત્ર લખીને આપ્યો. એ પત્ર ફરતા ફરતા મહાનગરી મુંબઈમાં આવ્યો. એક ભક્તે યોગીબાપાના હસ્તાક્ષર હોવાના કારણે પ્રસાદીની વસ્તુ તરીકે એને પૂજામાં સાચવી રાખ્યો.

આપણે પુસ્તકોની પૂજા કરીએ છીએ. 'શિક્ષાપત્રી'માં પણ લખ્યું છે કે, રોજ વાંચવી. વાંચતાં ના આવડે તો બીજા પાસે વંચાવીને સાંભળવી. અને એનાથી આગળ, કાંઈ ના થાય તો એ પુસ્તકની પૂજા કરવી, એને પ્રણામ કરવા. કારણ કે, એ શ્રીજીની વાણી છે, એટલે શ્રીજીનું સ્વરૂપ સમજીને એની પૂજા કરવી. ગ્રંથનું જ્યારે ચયન થાય, વાંચન થાય, એની ઉપર મનન થાય, ચિંતન થાય અને એમાંથી એકાદ સત્ય જીવન-આચરણમાં આવે ત્યારે એ ગ્રંથનો સાચો મહિમા સમજ્યા કહેવાઈએ. અને એ મહિમા સમજાય એટલે એનો આનંદ પણ અનોખો આવે.

એ સમય છે જ્યારે એકાવન યુવાન યોગેશ્વરો-શિક્ષિત યુવાનોને દીક્ષિત કરીને દાદર મંદિરે એમનો નિવાસ નક્કી કરવામાં આવ્યો. એ સંતો પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આગેવાની હેઠળ ત્યાં રહેતા હતા. સદ્‌નસીબે એ પ્રસાદીપત્ર એ ભક્તરાજે આ સંતોને બતાવ્યો. એટલે એ પત્ર સંતોના, મહંતસ્વામીના હાથમાં

આવ્યો. સંતોએ યોગીબાપાના હસ્તાક્ષરમાં લખેલો આ પત્ર જોઈ એને માથે ચઢાવ્યો. એમને એમ થયું કે, 'અહોહો એક ભક્તને નિમિત્ત બનાવીને યોગીજી મહારાજે સમગ્ર ગુણાતીત સમાજ માટે જીવન-આચરણની બહુ સુંદર વાત આમાં લખી છે !'

જેમ 'શિક્ષાપત્રી' બહુ નાની સરખી પુસ્તિકા છે, એવી આ 'યોગી ગીતા' પણ એક બહુ નાની પુસ્તિકા છે. અમારા સમયકાળમાં પરમ પૂજ્ય પપ્પાજીએ લખીને એક એવી નાની પુસ્તિકા બહાર પાડી, જેને આપણે 'સંજીવની મંત્ર'ના નામથી ઓળખીએ છીએ. સમયે સમયે પ્રગટ સત્પુરુષો શાસ્ત્રના સહેલાં ઍપ્લિકેશન આપણને સમજાવવા માટે એ જ સનાતન જ્ઞાનને સરળ શબ્દોમાં મૂકે છે કે જેથી જે ભક્તોએ દેવભાષા સંસ્કૃતનો અભ્યાસ ના કર્યો હોય, કર્યો હોય પણ જેને રોજ શાસ્ત્ર અભ્યાસ-સ્વાધ્યાય ના થતો હોય એવા ઉતાવળા વ્યવસાયી જીવનમાં નવનીતરૂપે ટૂંકમાં કશુંક જો ભક્તોના હાથમાં આવે તો એટલું તો જીવન આચરણમાં લાવી શકાય ! એવી અતિશય કરુણાને પરિણામે સમયે સમયે આવી નાની નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થતી રહે છે.

એ પુસ્તિકા સૌથી પહેલી દાદર મંદિરેથી પ્રકાશિત થઈ અને એનું નામ આપવામાં આવ્યું 'સુનૃત'. આ સંસ્કૃત શબ્દ છે. ત્યારે દાદર મંદિરમાં રહેતા યુવાન શિક્ષિત સંતો સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા અને સંગીતની સાધના કરતા હતા એટલે વિદ્વાન સંતોએ એ હસ્તલિખિત પત્રનું બહુ સુંદર શીર્ષક શોધી કાઢ્યું અને એનું નામ આપ્યું 'સુનૃત.' અને પછી મારા-તમારા જેવા ભક્તો સમજી શકે એટલે એનું સરળ ગુજરાતી ભાષાંતર પણ આપ્યું કે, સત્યરૂપ પરમાત્મા સાથે જોડાયેલા ગુરુ હંમેશાં સત્ય, પ્રિય અને હિતકર વાણી ઉચ્ચારે છે.

ત્રણ પ્રકારની વાણી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં સમજાવી છે – પરા, પશ્યંતી અને વૈખરી. એમાં આત્માનું કલ્યાણ કરે, આત્માને પરમાત્મા સાથે જોડવા માટે જે શબ્દો માધ્યમ બને એને 'પરાવાણી' કહેવામાં આવે છે. જેને બોલવાનો વિવેક ના હોય તે વાણીને 'વૈખરી' વાણી કહેવામાં આવે છે. અને પશ્યંતી એટલે વ્યવહારના ઉપયોગમાં લેવાતી વાણી; જે દેખાય છે તે કહેવું, જોયેલું બોલવું ને વર્ણવવું. સંતોની વાણી માત્ર જોયેલી હોતી નથી, સંતોની વાણી અનુભવેલી વાણી હોય છે, એટલે એ 'પશ્યંતી'થી પણ ઉપર વધી એને 'પરાવાણી' કહેવામાં આવે છે-પ્રભુની વાણી. પ્રભુએ જે પ્રેરણાસ્વરૂપે મોકલી તેટલું જ વદ્યા-બોલ્યા અને એ પરમ સત્ય ! સાથે સાથે એ પ્રિય વાણી-સાંભળવી ગમે ! અને એની સાથે સાથે સાંભળનારાનું હિત થાય ! હું તો એનાથી આગળ કહીશ કે, બોલનારાનું પણ હિત થાય અને સાંભળનારાનું પણ હિત થાય ત્યારે એ 'સુનૃત' બને છે-સત્ય, પ્રિય અને હિતકારી બને છે.

સાહેબદાદાની સ્મૃતિ કરીએ. સત્ય, પ્રિય અને હિતકર વાણીની વ્યાખ્યા સમજાવતાં આપણે સમજી શકીએ એવું તેઓ દૃષ્ટાંત આપે છે. આપણી માતાને-મમ્મીને આપણે ગામડાની ભાષામાં 'બા' કહી શકીએ. થોડી સુધરેલી ભાષામાં 'માતા' પણ કહી શકીએ અને મુંબઈની ભાષામાં 'મમ્મી' પણ કહી શકીએ. સત્ય અને હકીકત રૂપ કોઈને કહેવું હોય તો એમ પણ કહેવાય કે, મારા પિતાજીની પત્ની છે. આપણે જ્યારે આપણી મમ્મીને 'મારા પિતાજીની પત્ની' તરીકે ઉદ્‌બોધન કરીએ ત્યારે આપણને એ સાંભળવું ગમે છે ? નથી ગમતું. એટલે સાંભળનારાને પણ કર્ણપ્રિય હોવું જોઈએ. એમાં વખાણની વાત આવતી નથી, પણ મહિમાની વાત આવે છે. મા છે, જનેતા છે, શક્તિસ્વરૂપા છે. મારો અને એનો સંબંધ મા અને દીકરાનો છે. ભલે મારા પિતાજીનો અને એનો સંબંધ પતિ-પત્નીનો હોય, પણ મારે જ્યારે વાત કરવાની હોય ત્યારે હું મારા સંબંધથી ઉચ્ચાર કરું છું, વાત કરું છું; એટલે એને 'મા' જ કહેવાય, 'બા' જ કહેવાય, 'મમ્મી' જ કહેવાય. પરા, પશ્યંતી અને વૈખરી વાણીનો ભેદ સાહેબદાદાએ આ રીતે સમજાવ્યો છે.

૧૯૪૧માં યોગીજી મહારાજે આ ભક્તને પત્ર લખીને આપ્યો. એ પત્ર સંતો પાસે આવ્યો. સંતોએ એને 'સુનૃત' તરીકે છાપ્યો અને સંપ્રદાયમાં એક પ્રથમ પુસ્તિકા ઉપલબ્ધ થઈ, જેમાં યોગીજી મહારાજના ગૂંચપૂંચિયા અક્ષરોનું દર્શન થાય. આમ બહારથી ગૂંચપૂંચિયા લાગે, પણ સ્મૃતિમાં સહેજે રહે, દિવ્યતાથી સભર લાગે. શું લખ્યું છે તે ઘણું બધું ઉકલે નહીં. પણ એની સાથે સાથે એને ગુજરાતીમાં વાંચી શકાય એવી રીતે પણ સંતોએ ગોઠવી અને સૌથી પહેલી એ પુસ્તિકા ૧૯૬૪ની સાલમાં ભક્તસમુદાય માટે પ્રાપ્ત બનાવી.

જેમ દરેક પુસ્તકની પ્રસ્તાવના હોય અને એમાં પ્રથમ પાને સંતોના આશીર્વાદ પણ હોય. એમ, યોગીબાપાને સંતોએ વિનંતી કરી અને આનંદની વાત એ છે કે, આ પુસ્તકની આગળ યોગીબાપાએ પોતે આશીર્વાદ લખી આપ્યા. મોટે ભાગે આવું શક્ય ઓછું બને. યોગીજી મહારાજ તો દાસત્વભક્તિનું સ્વરૂપ ! પણ પોતે વર્ષો પહેલાં લખેલા એ જૂના કાગળિયા ઉપર-હસ્તાક્ષર પર આશીર્વાદ લખી આપ્યા.

યોગીબાપાના હસ્તલિખિત ૫૦૦થી વધારે પત્રોનો સંગ્રહ શાંતિદાદાએ અનુપમ મિશનમાં કરેલો છે. જેને ગુરુનું માહાત્મ્ય હોય એને ગુરુની પત્રપ્રસાદી પણ ગુરુની સ્મૃતિ કરવા માટેનું અને ગુરુએ જે જે લખ્યું હોય તેને વારંવાર વાંચીને વાગોળવાનું શાસ્ત્ર બનાવી શકાય ! એવા મહિમાથી, મહિમામૂર્તિ એવા શાંતિદાદાએ એ પત્રોનો સુંદર સંગ્રહ કર્યો છે. મેં કહ્યું એમ ગૂંચપૂંચિયા યોગીબાપાના અક્ષરોને એક ભક્તરાજ સાધક પાસે બહુ સુંદર મરોડદાર અક્ષરોથી લખાવીને એની ડાયરી પણ તૈયાર કરાવી છે. અ.નિ. સાધુ પૂ. દિનકરરાય પંડ્યા, જેમણે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા લીધેલી, તેઓ બહુ સારી રીતે યોગીબાપાના અક્ષરો ઉકેલી શકતા, વાંચી શકતા. એમને આ સેવા શાંતિદાદાએ આપી અને એના પરિણામ સ્વરૂપે એ પત્રપ્રસાદીને સુંદર અક્ષરોમાં દિનકરભાઈએ લખી આપવાની સેવા પણ કરી. આ બધી અમારા સમયની વાતો છે.

૧૯૬૪માં સંતોએ જ્યારે આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો આશીર્વાદ પત્ર એના આમુખ તરીકે છપાયો. ઈતિહાસ આગળ ચાલે છે. હું તે વાંચી સંભળાવું એ પહેલાં ૧૯૬૬, ડિસેમ્બરમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તેમના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યસ્થાનમાં પધાર્યા અને ત્યારે શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ બેસીને એમણે જે પ્રાર્થના કરી, જે અત્યારે સંપ્રદાયમાં 'મહેળાવની પ્રાર્થના' તરીકે પ્રસિદ્ધ થઈ. જ્યારે આ 'સુનૃત' પુસ્તિકાનું પુનઃ મુદ્રણ થયું ત્યારે સંતોએ સાથે સાથે યોગીબાપાની એ ગુરુમાહાત્મ્યની વાણી-પોતાના ગુરુના પ્રાગટ્યસ્થાનમાં બેસીને એમણે કરેલી પ્રાર્થના, એ આપણા સૌનાય માટેની પ્રાર્થના બની રહે એવી કૃપા કરીને તેમાં સમાવી. મુદ્રણકળામાં જે રીતે વિકાસ થતો ગયો તેમ તેમ 'મહેળાવની પ્રાર્થના'ને ઉમેરીને, એનાથી વિશેષ આગળ 'યોગીજી મહારાજની જીવનભાવના' અને 'યોગીજી મહારાજના હૃદયની વાતો' એ બંનેને પણ સંકલિત કરીને સંતોએ નાની પુસ્તિકાનું પુનઃ મુદ્રણ કર્યું અને એનું નામ આપવામાં આવ્યું-'યોગી ગીતા.' જે અત્યારે આપણને સૌને ઉપલબ્ધ છે, પ્રાપ્ત છે. અને એનું આપણે ત્રણ દિવસ પારાયણ કરવાના છીએ. યોગીજી મહારાજની વાણી, યોગીજી મહારાજની મૂર્તિ, યોગીજી મહારાજનો મહિમા ! યોગીજી મહારાજે આપણને સર્વને માત્ર ધાર્મિક નહીં, માત્ર સેવા, પૂજા, અર્ચનાના કર્મકાંડ પૂરતા સીમિત રહેવાને બદલે જીવન-આચરણમાં આવે અને આધ્યાત્મિક ઉન્નતિ થાય, પ્રગતિ થાય, ઊર્ધ્વગતિ થાય અને આત્માના ભાવને પામીને પરમાત્મારૂપ બની જવાય ત્યાં સુધીની સરળ વાણીનું શિક્ષણ, માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યાં છે.

યોગીબાપાએ પોતાના શરીરની લીલા ૧૯૭૧ના વર્ષમાં સંકેલી લીધી. એ પછી ફરીથી જ્યારે આ પુસ્તિકાનું પુનઃ મુદ્રણ થયું ત્યારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે પણ આ પુસ્તિકા ઉપર આશીર્વાદ લખી આપ્યા. એટલે કે, મહારાજની, ગુણાતીતાનંદ સ્વામીની, ભગતજી મહારાજ, જાગા સ્વામી ને શાસ્ત્રીજી મહારાજની મહિમાની વાતો, શ્રી અક્ષરપુરુષોત્તમની સનાતન ઉપાસના, આત્મારૂપે રહીને પરમાત્માની ભક્તિ કરવાની વાતને પ્રમાણભૂત બનાવવા માટે યોગીજી મહારાજના આશીર્વાદ અને પ્રમુખ સ્વામી મહારાજના પણ આશીર્વાદ પ્રાપ્ત થયા. એનો અર્થ એમ થયો કે, સત્ય, પ્રિય અને હિતકર વાણીની પરંપરા એ ગુરુ પરંપરાની સાથે સાથે પણ ચાલી આવે છે.

'યોગી ગીતા' યોગીબાપાએ લખીને આપેલી 'ગીતા.' 'ગીતા'-શ્રીમદ્ ભગવદ્ ગીતા. ભગવાન શ્રીકૃષ્ણએ યુદ્ધના મેદાનમાં ગ્લાનિને પામેલા અર્જુનને ભગવદ્ પ્રાપ્તિ માટે, તેજસ્વી બનાવવા માટે જે વાણીનો પ્રવાહ વહેવડાવ્યો, તે મહાભારતના એક અધ્યાય તરીકે-'ભગવદ્ ગીતા' તરીકે મુનિ વેદવ્યાસજીએ લખ્યો. એને અલગ પુસ્તક - 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તરીકે આપણી હિન્દુ પરંપરામાં, આપણી હિન્દુ ફિલૉસૉફીમાં મૂળભૂત ગ્રંથ તરીકે સ્વીકારવામાં આવ્યો. આખા 'મહાભારત'માં તો ઘણી બધી વાતો છે. વિશેષ તો કૌરવ કુળ અને પાંડવ કુળના ભાતૃકલહની વાતો છે. એમાં છેલ્લે આપણે કહી શકીએ કે, જ્યારે કજિયો થાય, કંકાસ થાય, મનમાં ઉચાટ થાય, ઉદ્વેગ થાય ત્યારે શાંતિ પ્રાપ્ત કરવા માટેની વાણી એ 'ગીતા' છે. 'ગીતા'નો પાઠ પણ થાય અને 'ગીતા'ના પુસ્તકનું પૂજન પણ થાય. એટલે આવી જે જે વાણી, જે જે સમયે ઉચ્ચારાઈ છે એને એ યુગપુરુષની સાથે 'ગીતા' એવું નામ જોડવામાં આવ્યું. સંતોએ પણ સત્ય, પ્રિય અને હિતકર વાણી છે, એ વાણી તો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની વાણી છે એટલે એનું 'સુનૃત'માંથી સુધારો કરીને 'યોગી ગીતા' એવું નામકરણ કર્યું હશે.

યોગીબાપા તારીખ ૭-૨-૧૯૬૪ના દિવસે આ પુસ્તિકા ઉપર આશીર્વાદ વરસાવે છે. ગ્રંથમાહાત્મ્ય એ કથાકારો માટે પારાયણ પ્રવેશના દિવસની વસ્તુ હોય છે, કે જે ગ્રંથ છે એનું માન ! અને તમે

જુઓ, આપણા સંસ્કૃતમાં જે ગ્રંથો, શાસ્ત્રો રચાયાં છે તેનું પહેલું ચૅપ્ટર એ ગ્રંથના મહિમાનું હોય છે. આપણા ભક્તિમાર્ગમાં પહેલામાં પહેલી પાયાની જો કોઈ ચીજ હોય તો એ માહાત્મ્ય છે. એનું માહાત્મ્ય ના હોય તો એ ફરફરિયું છે, કાગળિયું છે. પણ જો એનું માહાત્મ્ય હોય તો આપણે એમાં દૃષ્ટિ પરોવીએ, મન પરોવીએ કે, 'શું લખ્યું છે ?', 'કેવું લખ્યું છે ?', 'કોણે લખ્યું છે ?', 'શા હેતુથી લખ્યું છે ?', 'કોને ઉદ્દેશીને લખ્યું છે ?' 'લખનાર કોણ છે ?' અને સામે 'એ કોના માટે લખાયું છે ?' એવા એના માહાત્મ્યમાં આપણે પ્રવેશ કરીએ; એ રીતે આપણાં સઘળાં શાસ્ત્રોમાં ગ્રંથ-માહાત્મ્યનું પહેલું પ્રકરણ આવે છે.

સંપ્રદાયમાં બહુ જાણીતી બાબત છે. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'નું લેખન શરૂ કર્યું ત્યારે એમણે સૌથી પહેલાં આ ગ્રંથ માહાત્મ્યના પ્રકરણમાં સંતનો મહિમા કહ્યો. એમણે પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરી અને પોતાના સાથીદાર સંતોને પણ પ્રાર્થના કરી કે, 'તમે મને એવા આશીર્વાદ આપો કે, હું ભગવાનના મહિમાનું આ કાવ્ય રચી શકું, ગાઈ શકું.' એમ, આ વ્યાસપીઠ ઉપરથી હું પ્રાર્થના કરું કે, 'આ ગ્રંથનું જે માહાત્મ્ય છે અને એ ગ્રંથમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપણને સૌનેય જે માર્ગદર્શન, આશીર્વાદ આપ્યાં છે એ વ્યક્તિગત રીતે મારો સ્વાધ્યાય બને, મારા આચરણમાં આવે, અને શ્રદ્ધાપૂર્વક સાંભળનારા સર્વ શ્રોતાજનો પણ એમાંથી બળ, બુદ્ધિ અને પ્રકાશ પ્રાપ્ત કરે; એવી શ્રી ઠાકોરજી મહારાજ અને ગુરુહરિ સાહેબદાદાના શ્રીચરણોમાં પ્રાર્થના મૂકીએ છીએ !'

૧૯૬૪માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ લખે છે : *'સંવત ૨૦૨૦ના મહા વદી બીજી નોમ, વાર શુક્રવાર, સવારના ૮:૩૦ વાગ્યે.'* - આ ડૉક્યુમેન્ટેશન છે. તમે જુઓ તો ખરા ! આ ભલા ભોળા ચાર ચોપડી ભણેલા સાધુ, પણ લખે છે ત્યારે અંગ્રેજી તારીખ, આપણી હિન્દુ તિથિ અને એની સાથે સાથે સમય પણ જણાવે છે. યોગીબાપા સૌથી પહેલાં સ્પષ્ટતા, ચીવટાઈ અને ચોકસાઈની વાત આપણને શિખવાડે છે. કારણ કે આ સત્ય, પ્રિય અને હિતકર વાણી છે એટલે એમાં સ્પષ્ટતા પણ હોવી જોઈએ. ફેબ્રુઆરી મહિનો છે, સંવત ૨૦૨૦નું વર્ષ છે અને મહા વદી બીજી નોમ છે એમ લખ્યું છે એટલે કે, તે વખતે બે નોમ હશે. વાર - શુક્રવાર અને સમય - સવારના સાડા આઠ વાગ્યે !

*'દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામિનારાયણ વાંચશો. આ જે કલમો લખી છે તો તેમનું યથાર્થ પાલન કરવું તો જ સ્વામી શ્રીજી તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થશે.'* અહીંયાં એક શબ્દ પ્રયોગ કર્યો છે : 'યથાર્થ' - અર્થ સહિત - યોગ્ય, સાચો, સ્પષ્ટ અર્થ સમજીને એનું પાલન કરવું. આમ દેખાય નહીં કે, આ આગ્રહ કર્યો છે પણ, શબ્દપ્રયોગ એવો વાપર્યો છે કે, જો તમારે 'સ્વામી શ્રીજી' એટલે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષરપુરુષોત્તમને ધારી રહેલા પ્રગટ સ્વરૂપ - બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો રાજીપો જોઈતો હોય તો આ જે કલમો લખી છે કે, જે મોટા પુરુષની સત્ય, પ્રિય અને હિતકર વાણી છે; તો એનો એક પણ શબ્દ વધારાનો નથી.

*'આ કલમોનું યથાર્થ પાલન કરશો તો તમને સ્વામી પોતાની સમીપે બેસાડશે.'* સમીપે બેસવું - અત્યારે આપણે બધા સમીપે જ બેઠા છીએ, સાંનિધ્યમાં બેઠા છીએ. આપણે આંખની મીટથી, સજળ નેત્રોથી, પ્રેમપૂર્વક એમનાં દર્શન કર્યા કરીએ તો આપણને એમની સમીપે બેસાડશે. ત્રણ પ્રકારની મુક્તિ ભગવાનનો ખરેખરો ભક્ત હોય તે ઇચ્છતો નથી એવું 'વચનામૃત'માં એક ઠેકાણે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે, એમાં 'સામીપ્ય', 'સારૂપ્ય' અને 'સાલોક્ય' એ ત્રણ સ્થિતિનું વર્ણન આવે છે. એમાં પહેલું સુખ છે તે - એમની પાસે બેસવું ગમે, એમનાં દર્શન કરવા ગમે, એમની વાતો ગમે, એમને મળવાનું મન થાય; એ એમના સામીપ્યનું સુખ છે.

જશુભાઈસાહેબ માટે એક વક્તાએ બહુ સુંદર શબ્દપ્રયોગ કર્યો હતો - 'મળવાનું મન થાય એવા માણસ છે અને મળો તો માણવા જેવા માણસ છે.' છે માણસ જ, પણ મળવાનું મન થાય એવા માણસ છે. અને માત્ર મળી લીધું એટલું નહીં, મળ્યા પછીથી એમને માણવા જેવા માણસ છે. એટલે આપણી ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા દર્શન, સ્પર્શન, પ્રસાદી અને વાતોના માધ્યમથી બધી જ રીતે એમનું સુખ માણવા જેવું છે. સંત પુરુષો માટે આ શબ્દપ્રયોગ શાસ્ત્રોએ વર્ણવ્યો છે. પણ એમ કહે છે કે, જે જ્ઞાની પુરુષ છે, જે જ્ઞાની ભક્ત છે તે આટલેથી અટકતો નથી. ખાલી સ્થૂળભાવની ભક્તિથી અટકતો નથી, પણ એમાં રહેલું જે તત્ત્વ છે, એ તત્ત્વ સુધી પહોંચવાનો જે પ્રયત્ન કરે છે એનું આગળ ઉત્થાન થાય છે.

*(ક્રમશઃ)* ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Madhya 21 : "*Mudda nu*"**
**26 September 2018, Brahmajyoti Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

In propagating the pure Upasana of Shri Akshar Purushottam, P.P. Shastriji Maharaj carried out an exceptional work. To gain understanding of that pure Upasana, Shreeji Maharaj's divine words in this particular Vachanamrut are of utmost importance. In India and in the entire world, humankind is in search of happiness, peace and fulfilment, which we call *'kalyan'* – and everyone is seeking *kalyan*. To this end, our sages and incarnations of God manifested and showed countless paths to attain this peace, happiness and fulfilment. Many principles became well established and many methods of Upasana also became well known. In the way that progress is made through new discoveries in science, for example we keep getting newer versions of mobile phones, or cars, facilities in our homes, our clothes; in all of this there is continuous progress, so would there not be progress in spirituality too? In earlier times, sadhus would walk everywhere, renounce the world and sit in a cave, grow a long beard and have matted hair; they would change their attire and their name; so should those same ways still continue now? Two hundred years ago Bhagwan Swaminarayan manifested and brought advancement to spirituality. The advancement that we see on the path of liberation, was brought about by Bhagwan Swaminarayan two hundred years ago.

What is needed for the liberation of the soul? One day all the organs of the body started to fight. The legs said, 'it is because of me that this body can walk; my contribution is so great that in fact, I am the most important.' The hands said, 'you forget it, you might walk, but without me how will the body eat? How will it write? So actually, it is me that is most important.' So the eyes piped up and said, 'if it wasn't for me, the body would not be able to see, so how would you walk? How would you eat?' The nose intercepted and said, 'it is through me that the body breathes, and without me how would you all live?' In this way, all the organs tried to show how great they were, with each one stating their supremacy. The fight between them escalated. While they fought, the soul simply watched and then said, 'All of you, listen to me. I am leaving the body, but you all stay here.' When the soul leaves the body, what are the hands, legs, eyes and nose worth? They become worthless. So all of them said at once, 'No, no, you must not go.' That which sustains the body is the life-force, the soul – and that is the most important. If the soul

leaves the body, then the body becomes worthless. No matter how beloved the person is to us, but once the soul leaves that body, you have to cremate it. That is why the soul within the body is of great importance. You can adorn this body with good clothes, jewellery, a great hairstyle; you can go to the beauty parlour and have a makeover – and all of this will make the body look good, but that which is the life-force of that body, is the soul. If the life-force is there, then everything follows, and everything will look good. It is because of the life-force within the body that the body is valued. However much you adorn your body with good clothes, jewellery etc. is how good you will look, but it is all possible because there is a soul within the body.

God says everything you are doing for your *kalyan* is fine, but for *kalyan*, what is it that is truly of importance? That is what Bhagwan Swaminarayan is showing us in this Vachanamrut, entitled '*Mudda nu'* which means 'The Main Principle'. Bhagwan Swaminarayan is talking about the main principle here. If you carry out your *niyam, dharma*[1] and everything you do, after understanding this, then it will all be so much better.

Gunatitanand Swami explained this so concisely, 'What is the value of one zero? The answer is - nothing. If you put another zero behind that zero, what is the value? Again, nothing. If you put a third zero behind those two zeros, what is the value? Nothing. Even if you put one hundred zeros together, their value would still remain zero. But if you simply placed a 'one' in front of the zero, it automatically becomes ten, and then if you add a zero, its value increases to a hundred; add another zero, it becomes a thousand. As the string of zeros increases, the value of the number increases. But all of this is due to the 'one' that is at the front. The importance is of the 'one' – whereas the zero, in and of itself has no value at all. Similarly, Bhagwan Swaminarayan is explaining lto us in this Vachanamrut, what is actually of importance when it comes to our liberation. That is why the *Paramhansas'* gave the title – 'The Main Principle' – to this Vachanamrut.

When Maharaj spoke this Vachanamrut, he was sitting in the square opposite the Shri Vasudev Narayan Mandir, on Fagun Sud 15, in Samvat 1878; it was the day of the full moon and the auspicious day of *Holi* – Bhagatji Maharaj's birthday.

**Then Shreeji Maharaj said, 'Please stop the devotional songs; I wish to speak to all of you, so please listen attentively.'**

These are words of grace! Maharaj of his own accord says, 'Stop the singing, I want to tell you something so please pay utmost attention and listen.' The reason Maharaj says this, is that we could be sitting there but our minds may be wandering elsewhere. That is why Maharaj had to say, that what I am about to tell you is important and therefore listen to this with your full attention.'

**I myself have attentively listened to all of the scriptures, which Vyasji has written regarding the attainment of liberation.**

God is showering such immense grace upon us! Maharaj himself had attentively listened to all the scriptures that Vyasji wrote pertaining to the liberation of the soul. If Maharaj had said to us, 'go off and read all of those scriptures, then I will speak to you,' – we simply would not have had the time to do that. Not only do we not have the time to read them, we do not have the time to understand them either! We do not even know which scriptures there are out there! Then how could we possibly read them? But God has showered his unparalleled grace and compassion upon us! How eager Maharaj is! Just so that we may gain that ultimate fulfilment, He himself attentively read and listened to all the scriptures and then tells us – gives us the essence from all of those put together.

**In all of those scriptures, the main principle that prevails and the only principle for the liberation of the embodied soul is simply this: that the sole creator, sustainer and destroyer of this entire cosmos is God.**

---

[1] **Moral, spiritual codes of conduct, your duties etc.**

There is only one principle in all of the scriptures. For the liberation of the soul, there is only this: to understand that the all-doer of all things is the one God. Maharaj tells us the main principle, which is that, 'God is the all-doer.' This is the first step of the pure Upasana of Akshar Purushottam : God is the all-doer. The inspiration and agency behind whatever has happened in my life, whatever is happening and whatever will happen, is God. If we believe anyone or anything else to be behind it, then that is ignorance.

**Moreover, in all of those scriptures, there are talks of the divine actions and incidents of either God or his *Sant.* And the observance of *varnashram dharma*[2] and its subsequent fruits of *dharma, arth and kaam*[3] – do not and cannot grant liberation. The only fruit of the observance of *varnashram dharma* is worldly reputation and physical comfort.**

There are two things here. One is that God is the all-doer, and that in all of the scriptures are the talks of God or his *Sant's* divine actions and incidents. And then the codes of conduct relative to one's *varna* and *ashram* i.e. *Brahmin, Kshatriya, Vaishya and Shudra*[4]. But then there is also *tyag-ashram*[5] and *gruhasth-ashram*[6]! Simply put, if you live in a way that is good and right, then you will attain *dharma, arth* and *kaam* – but you will not attain liberation. Your status will increase in the world. In the same way that Bhishmapitamah was a *naishtik Brahmachari*[7] and Yudhishthir was renowned for being the embodiment of truth. People would go to Yudhishthir to ask him about everything, and people would bow to Bhishmapitamah. So many people live their lives within this *sattvic-bhav*, i.e. one must not speak untruth, one must be good, help others, build schools, build hospitals; people will be doing all of these good works and so they will attain *dharma, arth* and *kaam*. When one carries out such devotion within the boundaries of *dharma*, they will attain status and respect in the world. They will get five to twenty-five people who will say, 'He is such a good man; he never speaks a lie – he is so straight.' Five people will come to him for advice and wherever he goes, he will receive a warm welcome. But this does not lead to liberation. Your status will increase, you will get respect, you will get people coming to you for advice, you will gain praise and in the physical sense you will be content and that is the fruit of this, but the soul gains nothing from it.

**For the purpose of liberation however, realizing God to be the all-doer is the only means. In addition, if a person realizes the glory of manifest God and his *bhakt – Sant* in exactly the same way as he realizes the glory of past incarnations of God such Ram, Krishna etc., as well as the glory of past sadhus such as Narad, the Sanakadik, Shukji, Jadbharat, Hanuman, Uddhav etc. – then nothing remains to be understood on the path of liberation.**

This is the principle! For the purpose of liberation, one must know God to be the all-doer! Now the question of where that God is, is the second step. *Paroksh*[8] Bhagwan means God or incarnations that had manifested previously. Bhagwan Shri Ram, Bhagwan Shri Krushna – all manifested previously, and if you were to look today, there is so much *mahatmya*[9] for those incarnations. In Mumbai, at the time of the Ganesh *visarjan*, hundreds of thousands of people gather, and

**[2] Simply put, *varna* refers to social or occupational class and *ashram* refers to the 'stage of life' – *varnashram dharma* therefore refers to the duties of a Hindu according to their social classification, at their particular stage in life.**

**[3] In Hinduism, there are four *purusharthas* – or defined goals of human life. They are *dharma, artha, kaam* and *moksha. Dharma* means righteousness, duty, right action. *Artha* refers to material welfare and pursuit of the means to survive and prosper. *Kama* means fulfilment of desire.**

**[4] These are the names of the four occupational classifications of people as described in Hindu scripture.**

**[5] *Tyag-ashram* refers to that order of life where one has renounced the world**

**[6] *Gruhasth-ashram* refers to that stage of life, where one is a married householder.**

**[7] Refers to the highest form of celibacy – in word, thought and deed.**

**[8] *Paroksh means* not directly present or directly approachable i.e. past incarnations of God.**

**[9] Unshakable faith and conviction coupled with the feeling of unparalleled fortune to have the attainment of God or Satpurush or satsang.**

the image of Ganesh is in pieces! So many people are drawn to the *paroksh* deities; there is so much *mahatmya* of *paroksh* Bhagwan and of *paroksh* Santo such as Narad, Sanakadik, Shukji and others!

**…If a person realizes the glory of manifest God and his *bhakt – Sant* in exactly the same way as he realizes the glory of past sadhus such as Narad, the Sanakadik, Shukji, Jadbharat, Hanuman, Uddhav etc. – then nothing remains to be understood on the path of liberation.**

See? How easy Bhagwan Swaminarayan has made the path of liberation for us! Maharaj is saying that in the same way that you understand the glory of past incarnations like Shri Ram and Shri Krushna, and past sadhus such as Narad, Sanakadik; if you were to understand this for *pratyaksh*[10] Bhagwan and his Santo, then nothing else remains to be understood. But Maharaj did not say his own name. He was physically present – as Sahajanand Swami – as Bhagwan Swaminarayan and so were all of his *Santo* – *paramhanso* like Gunatitanand Swami, Gopalanand Swami, Brahmanand Swami etc. were all there and if one could understand their glory in the way they understood that of past incarnations, then every principle would be in their grasp.

There is only one thing to be understood and that is to take God's refuge – 'I am yours and you are mine!' And for that, it is only God that is the all-doer; there is no one else. To believe someone else to be the doer, is sheer ignorance. One has to believe that, 'in my life, it is only my Lord who is the giver of my joy and the reliever of my pain.' Where is that God? That Lord is manifest in human form, and I have attained Him through the form of the sadhu. If you have as much *mahatmya* for the living, manifest sadhu of God, as you have for previous incarnations of God, then you have grasped every principle of liberation, and you have nothing left to do!

[10] ***Pratyaksh* literally means that which can be seen with one's eyes, and in this context refers to the physically manifest swaroop of God and his Santo.**

**Whether this principle is understood after being told once, or after being told a thousand times; whether it is understood today, or after a thousand years, there is no option but to understand it.**

Bhagwan Swaminarayan is saying, that if you were to harbour the same conviction and *mahatmya* for the manifest sadhu and the manifest Lord, as you do for the *paroksh* Lord, then it is precisely this that needs to be understood for the liberation of the soul. And whether you understand this after being told once, or after being told thousands of times, and whether you understand it today or after thousands of years; if you want to liberate the soul, there is no other way, than to understand this. Without this, there is no way! This is the principle Maharaj is explaining to us.

We are so unbelievably fortunate, that Bhagwan Swaminarayan has showered us with such grace! To recognise the *swaroop* of the Lord that is manifest in human form, or to recognise the genuine sadhu in human form, is the most difficult thing. That is because of our *mayik-bhav*[11]. Such a sadhu will interact with us so casually, will sit with us, eat with us, travel with us, but he may act according to our wishes or he may not, or he may do something that fits in our mental frame or may not; and because of all of this we harbour *mayik-bhav* for him. But God chose an easy method. He showered us with exceptional love, and bound us with *atma-buddhi* and *preeti*[12]. And when you truly have deep love for someone, you are not able to see any flaw in them, and they will therefore always seem faultless and divine.

For parents, no matter what their child is like – even if the child is as mischievous as a monkey, to the parents that child will appear absolutely lovable. Whereas if it is

[11] ***Mayik-bhav* is perception and judgement through worldly lenses, whereby one perceives God or the Satpurush as well as their actions as being worldly instead of divine.**

[12] ***Atma-buddhi* and *preeti* means to love the Satpurush as one's own soul, and thereby refers to a bond of inseparable loving association.**

someone else's child, and even if that child were to be extremely intelligent, the parent would still feel, 'yet, he is not like my child!' To the parent, only his or her own child will seem most lovable. Similarly, if you develop *atma-buddhi* and *preeti* for the Satpurush, then the Satpurush will seem so lovable to you. And if the Satpurush seems lovable to you, then the chances of you having *mayik-bhav* for the Satpurush diminish greatly. Remember! For as long as you have *deh-bhav*[13], you will have *manushya-bhav*[14]. As your *deh-bhav* diminishes, your *divya-bhav* and *nirdosh-bhav*[15] increases. To dissolve that *deh-bhav,* Maharaj has said, 'Believe God to be the all-doer. Realise the glory of the manifest sadhu, in the same way that you understand the glory of *paroksh* Bhagwan and the *paroksh* sadhu.' That is why one must engage in *katha-varta*[16]*,* must chant, pray and carry out seva with *mahatmya*, in word, thought and action. The more you do this, the more you will gain God's *prasannata*[17], and as a result of this, your *deh-bhav* will dissolve, your *nirdosh-bhav* and *divya-bhav* will start to increase, you will experience a lightness of spirit, you will feel joy, peace and fulfilment. This is the easiest path to attain joy, peace and fulfilment; and you will attain liberation whilst in your present physical body.

**Even if one were to ask Narad, the Sanakadik, Shukji, Brahma and Shiv, since they are wise, even they, using many different techniques, would point to the manifest form of God and the manifest form of the *Sant* as being the only granters of liberation. They would also explain that the manifest form of God and the manifest form of the *Sant* is exactly the same as the glory of past forms of God and the *Sant.***

If you were to ask Shuk, Sanakadik, Narad or any Sant; because they are wise, they will in any which way say the same thing to you, and show you that it is only the *pratyaksh* Lord and the *pratyaksh* Sant that will grant liberation. They will show the *mahatmya* of our *pratyaksh* Bhagwan and *pratyaksh* Sant, to be equal to that of *paroksh* Bhagwan and the *paroksh* Sant. If one understands this, then the central principle is in your grasp. Many times, someone will be speaking to you at such great length and you will say, 'please just tell me the main point; what are you trying to say?' Similarly, in many scriptures, things will be laid out in such great length, and in many places there will be such long discourses and you will think, 'just tell me the main points!' In this one Vachanamrut, Maharaj has given us the main principle. If you understand the glory of the manifest form of God and his sadhu, as it is, then you do not need to do anything else for the purpose of liberating the soul. One has to follow their *niyam-dharma*, carry out devotion while staying within one's ethical and moral boundaries, carry out seva in word, thought and deed, chant, pray and increase one's understanding of *mahatmya* through *katha-varta;* if one does this, they will experience a great lightness of spirit and an increase in their joy and peace.

Right now is the period of *Shraaddh*[18]*.* During this period people eat *khir, basundi, doodhpaak* and such heavy sweet milk items; but if you were to exercise a little bit, or go for walks, then that food is more easily digested. However, what would happen if you do not move and therefore cannot digest the food? You would suffer from gas, acidity or headaches. Similarly, once

**[13] *Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have deh-bhav we are prone to anger, infatuation, grief etc.**

**[14] Doubt in the divinity of God or the Satpurush – to think of Him or His actions as human and not divine**

**[15] The innermost conviction that God and God's devotees are all faultless (nirdosh) and divine (divya).**

**[16] To listen to discourse and engage in spiritual talk.**

**[17] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

**[18] *Shraaddh* is a period within the Hindu calendar, dedicated to one's ancestors, with food and prayer offerings for their well-being.**

you have attained God and the sadhu, your liberation is done, but if you want to enjoy the true fulfilment of that attainment through your physical body, then you have to use your body for *katha-varta,* chanting and prayer - and perform seva with *mahatmya.* The more you use your physical body for this, while maintaining your *niyam-dharma* and moral boundaries, the more purification will happen within and with the resulting *prasannata* we gain of our Lord, the joy, peace and fulfilment of Akshardham we experience will increase. This is where the ball has been put in our court. If you want to joyfully become *Akshardham-roop*, then this is what you have to do.

**What is more, he** [i.e. such a person] **will never, ever fall from the path of liberation.**

If one grasps this principle, then such a person will never fall from the path of liberation. Maharaj uses the words '*koi kaale'* – meaning 'never – at any time whatsoever', whether in the past, present or future, no matter where you go or what you do, but if you have grasped this principle, then you can never fall from the path of liberation, even if you wanted to! See? Never, at any time would you fall!

**Brahma, Shiv, Bruhaspati, Parashar etc., may have fallen from the path of dharma due to lust, anger etc., but because they had the same conviction in and knowledge of the glory of the manifest form of God and the manifest form of the *Sant* as they had of their past forms, they did not fall from the path of liberation. Thus the essence of all the scriptures is this very fact.**

Brahma had the desire to marry. Parashar and Shivji – all fell from *dharma*, but their conviction in God was so firm that they did not fall from the path of liberation. Where they slipped, they simply brushed themselves off and got up. With this one principle, Bhagwan Swaminarayan has shown us the essence of the scriptures. Shastriji Maharaj explained this principle to us, and so to instate them in our mandir, we are having the *murtis* of Shastriji Maharaj and Yogiji Maharaj made in gold. For countless lifetimes, people have faffed about, searching. They have shot arrows in the dark, but have not been able to get hold of the main principle, but Shastriji Maharaj has given this to us through the pure Akshar Purushottam Upasana.

If you stand in front of HariKrushna Maharaj and chant.. Swaminarayan… Swaminarayan, then Harikrushna Maharaj will fulfil your wishes. But go and stand in front of Him and chant, praying for the liberation of your soul; ask Him to fulfil this for you, and He will most certainly send you to a Gunatit Sadhu. Shri Gordhanbhai Kothari went and did *dhun* before Harikrushna Maharaj's *murti*, and Harikrushna Maharaj said to him, 'meet Bhagatji Maharaj.' After Gunatitanand Swami, it was Bhagatji Maharaj that had attained that state of being, and through whom God was physically manifest. When Gordhanbhai heard that, he could not believe or accept it. Gordhanbhai thought, 'why should I meet that Bhagatji who sits in the sabha-mandap stitiching clothes?' And so Gordhanbhai went before Harikrushna Maharaj's *murti* again and did *dhun*, and again Harikrushna Maharaj said, 'meet Bhagatji.' It was after this that Gordhanbhai went to Bhagatji Maharaj! Just think about it! Bhagwan Swaminarayan had promised that He would fulfil the resolutions and wishes of whosoever comes before the *murti* of Harikrushna Maharaj and does *dhun.* But if we were to go with the resolve of attaining liberation for the soul, and were to do *dhun* with this wish – where would He send us? He would point us to the manifest Sadhu and join us to him. Shri Harikrushna Maharaj showed Gordhanbhai that His divine essence was manifest through Bhagatji Maharaj – and therefore told him to go and meet Bhagatji Maharaj, who would fulfil his needs.

If God is pleased by your devotion done with *paroksh-bhav*, then He will join you to a manifest Satpurush. So where is such a Satpurush? Shastriji Maharaj explained this with crystal clarity: that Gunatitanand Swami is the

form of *Mul-AksharBrahma*[19]. Bhagwan Swaminarayan has said in countless places that, 'this is my Akshardham. It is through him that I will remain physically manifest on earth, and it is through such Sadhus who have attained *Gunatit-bhav*, that I will remain eternally manifest.' And it is the *murtis* of such Sadhu's who have attained *Gunatit-bhav* that are worshipped alongside God. To establish the principle of Akshar Purushottam from household to household, and to immortalise that principle, Shastriji Maharaj built mandirs, and instated the *murtis* of Shri Akshar Purushottam Maharaj. What an immense work Shastriji Maharaj has done! This is the principle that he has given to us.

Taking that even further, Yogiji Maharaj showered his immense grace upon us! He awakened this within us! He gave everyone so much love, and drew everyone to him! All of us youths were so drawn to Bapa. We had no idea of the process that Bapa was carrying out. But it was Bapa's special grace that he gave Dadukaka *sakshaatkar*[20]. It was after this that Dadukaka started to speak and spread with great force the truth of pure Upasana: that the Maharaj that is seated in Akshardham, is the very Lord we have attained face to face in the form of Yogiji Maharaj! So do his *darshan* with that sentiment, listen to what he is saying with that sentiment, carry out his *aagna*[21] with that sentiment and perform his seva with that sentiment. Dadukaka explained this whole talk and propagated it with great force. In Dadukaka's talks, there would only be the talk of *pragat.* He sang the glory of Yogi Bapa, Pramukh Swamiji, Mahant Swamiji, Hariprasad Swamiji, Pappaji, Guruji, Kothari Swamiji, Ashvinbhai, Shantibhai and Santo. If you listen to any of Dadukaka's discourses, you will continuously find the glory, *mahima* and praises of *pragat* Sadhus, through which he truly raised the entire spiritual community so much higher in their spirituality. In that flood of *mahima*, all of those engaged in negativity, gossip and maliciousness were automatically washed out. Kakaji has truly carried out such a huge task. Everyone had love for Kakaji, and so everyone that believed in his words, all managed to grasp this principle – and so they started to walk on the path of liberation, towards the goal of becoming *Akshardham-roop*.

Truly, we have received the gift of such exceptional Sadhus as Shastriji Mahraj, Yogiji Maharaj, Dadukaka, Pappaji, Mahant Swami, Hariprasad Swami, Ashvinbhai, Shantibhai! However much we understand their glory, however much we sing their *mahima*, however much we join with them out of pure love and carry out their *aagna,* is the extent to which our *deh-bhav* will automatically dissolve; you will not have to carry out any special exercise to dissolve it. There is just one thing in which we must exercise caution and take care, that wherever we may be, no matter whatever the circumstances, wherever we may go, never, ever to fall into negative talk pertaining to God, God's devotees, Santo and especially one's *Ishta-dev*. We must never do this, never fall into this, nor should we tolerate this. If we live in this way, then God says, this principle is in your grasp and we will truly become fulfilled.

Because of Shastriji Maharaj and Yogiji Maharaj, because of Kakaji – Pappaji, Pramukh Swamiji, Mahant Swamiji, Hariprasad Swamiji, because of Ashvinbhai and Shantibhai our whole spiritual family is now living at a great spiritual height. And it is for this that our new mandir is being created; in which we all want to give ourselves wholly.

Sahajanand Swami Maharaj ni Jai! ◆

**[19] Refers to the highest entity after Purushottam (the Supreme Lord). It is eternal, and independent. In its impersonal form it is the abode of God, and in its personal form, is exactly like God, but forever subservient to God.**

**[20] Yogiji Maharaj granted *sakshatkar,* literally meaning 'realization' by inducing a state whereby Dadukaka's soul separated from his body for a period of 72 hours and witnessed everything in the cosmos and was graced with the recognition of God.**

**[21] Any instruction or command given by God or Guru, which is always to one's spiritual benefit.**

# સત્સંગ સમાચાર

## ગુણાતીત સ્વરૂપોનાં જીવન અધ્યાત્મદર્શન અને સત્સંગલાભ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી ગુણાતીત સ્વરૂપોનાં જીવન અને બ્રાહ્મીસ્થિતિનાં માહાત્મ્યદર્શન પામવાનો લહાવો પ્રાપ્ત થયો. મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં જીવનમાહાત્મ્યનાં ગાન બાદ સંતોએ ૧૪ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામી અને બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજી અદાનાં જીવન તથા અધ્યાત્મબોધ અંગે લાભ આપ્યો. સ્વયં સંતભગવંત સાહેબજીએ પણ અદ્‌ભુત આશિષ પાઠવી સમજ આપી. સાધુ પૂ. બિમલદાસે અને માણાવદરથી સાધુ પૂ. અશોકદાસે બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામી તેમજ સાધુ પૂ. અર્પિતદાસે અને સાધુ પૂ. પંકજદાસે બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજી અદાનાં જીવન અને કાર્યોની સુંદર વાતો કરી.

૨૧ ડિસેમ્બરના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં જીવનમાહાત્મ્યની અને પ્રેરણાદાયી પ્રસંગોની વાતો સાધુ પૂ. પીટરદાસ દ્વારા કરવામાં આવી. ૨૨ ડિસેમ્બરના રોજ અનુપમ મિશન, યુ.કે.થી સાધુ પૂ. હિંમતદાસજી અને સતીશભાઈ ચતવાણીએ આફ્રિકા તથા ઇંગ્લેંડમાં યોગીજી મહારાજે કરેલાં વિચરણ, નિર્મિત કરેલાં મંદિરો અને સત્સંગનાં અલૌકિક કાર્યો અંગે મહિમાગાન કર્યાં.

૨૫ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન સાધુ પૂ. મનોજદાસજીએ યૂટ્યુબના માધ્યમથી સત્સંગસભામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં જીવનવર્તન દ્વારા વહેલ આધ્યાત્મિક સંદેશને પ્રસ્તુત કર્યો તેમજ યોગીજી મહારાજના જીવનપ્રસંગો અને જીવનભાવનાના હાર્દને, સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવને દૃષ્ટાંત દઈને સમજાવ્યા જેથી આધ્યાત્મિક સાધનામાં સૌને બળ અને સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થયાં.

૧ જાન્યુઆરી ૨૦૨૧-નૂતનવર્ષ મંગલ સભામાં સદ્‌ગુરુ સંતો પૂ. મનોજદાસ, પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા. ભગવાનના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીમાં મનની વૃત્તિ અખંડ રાખી, તેમનાં સંબંધી સૌમાં નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખી, મહિમાથી સેવા કરવાની આહલેક જગાવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ આશિષ પ્રદાન કરી સંપ, સુહૃદભાવ, એક્તાથી એકમના થઈ, ભગવાનની ભક્તિ કરવાની સમજ આપી. ◆

## અઠવાડિક ગુરુસભામાં સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા પર્વ

૩૧ ડિસેમ્બર ૧૮૦૧ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે જીવોના કલ્યાણ સારુ સૌરાષ્ટ્રના ફણેણી ગામે 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો તે દિવસે ગુરુવાર હતો ! વર્ષ ૨૦૨૦ની ૩૧ ડિસેમ્બરે પણ ગુરુવાર હોવાના સંજોગને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યોજાતી યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ પર્વ સ્વરૂપે યૂટ્યુબના માધ્યમથી ઊજવી યુવાનોએ ભક્તિ અદા કરી.

આ પ્રસંગે પ્રિ-રૅકોર્ડેડ સંવાદ પ્રસ્તુત કરાયો, જેમાં રામાનંદ સ્વામીના અંતર્ધાન, સહજાનંદ સ્વામી દ્વારા 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉદ્‌ઘોષ, શીતળદાસજીને સમાધિ તથા તેમને વ્યાપકાનંદ સ્વામી સ્વરૂપે અપાયેલ દીક્ષા આદિ પ્રસંગોને અદ્‌ભુત રીતે વર્ણવવામાં આવ્યા. આ સંવાદનાં લેખન, સૅટ ડિઝાઈન, વિડિયોગ્રાફી, સાઉન્ડ રેકોર્ડિંગ, એડિટિંગ આદિ સંતોનાં માર્ગદર્શને યુવાનોએ જ કર્યાં. આ સંવાદનાં દર્શન પામી સૌને ખૂબ આનંદ પ્રાપ્ત થયો. ત્યારબાદ સાધુ હાર્દિકદાસે ચોટદાર વક્તવ્ય દ્વારા 'સ્વામિનારાયણ' મહામંત્રના જાપની સાચી રીત બતાવી પ્રગટ મંત્રના પ્રતાપને વર્ણવ્યો, જેને માણી સૌ અત્યંત પ્રસન્ન થયા.

આ પ્રસંગે પ્રતિષ્ઠિત ગાયક કલાકાર શ્રી અભિજિત ઘોષાલના સુમધુર કંઠે ગવાયેલ મહામંત્ર અનુષ્ઠાન જપયજ્ઞને અનુપમ મિશનના ઓડિયો વિભાગ દ્વારા સંગીતબદ્ધ કરવામાં આવ્યો. આ મહામંત્ર જાપના ઑડિયો આલ્બમનું સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે મુક્તાર્પણ કરવામાં આવ્યું, જેને અનુપમ મિશનની વૅબસાઇટ અને ઍપ્લિકેશન દ્વારા સૌને ઉપલબ્ધ કરાવવામાં આવ્યું.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ સાધુ પૂ. યજ્ઞેશદાસ અને સાધુ પૂ. પરેશદાસનાં માર્ગદર્શને યુવાનોએ સંપ, સુહૃદભાવ અને એકતાથી કરેલી સુંદર સેવાને બિરદાવી તથા દરેક પરિસ્થિતિમાં - સુખમાં અને માની લીધેલા દુ:ખમાં પણ ધાર્યું ધણીનું થાય છે તેવો ભાવ રાખી, સદૈવ 'સ્વામિનારાયણ' મહામંત્રનો આધાર લેવાની પ્રેરણા આપી.

વર્ષ ૨૦૨૦ના આ અંતિમ દિવસે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી નૂતન વર્ષની સૌને શુભેચ્છાઓ પાઠવી ભક્તિની સમજ આપી. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ આશ્રિતજનો પર વરસાવેલી અનન્ય કૃપાનાં દર્શન કરાવી અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં તેમજ 'સ્વામિનારાયણ' મહામંત્રને સદાય ઉપાયભૂત કરવાના ભાવને દૃઢ કરાવ્યો. ◆

## પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી અમૃતપર્વ

૨૭ ડિસેમ્બરના રોજ હરિધામ, સોખડાના વરિષ્ઠ સાધુ કોઠારી પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના અમૃતપર્વે અંતરની શુભેચ્છાઓ ! ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીની સેનાના સેનાપતિ અને સાધુરત્ન પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી બહુગુણસંપન્ન છતાં અત્યંત નિર્માની ! તેઓ દાસત્વનું અદ્‌ભુત સ્વરૂપ ! સંતભગવંત સાહેબજી સહિત સૌ ગુણાતીત સ્વરૂપો પ્રત્યે તેઓને અપ્રતિમ નિષ્ઠા અને પૂજ્યભાવ ! ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાથી સાહેબજીએ વલ્લભવિદ્યાનગરના કૉલેજના યુવાનો માટે અઠવાડિક સત્સંગસભા શરૂ કરી તેના તેઓ સભ્ય હતા, જેની દિવ્ય સ્મૃતિ તેઓ આજે પણ વાગોળે છે અને સાહેબજીએ કરેલાં જતન, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા આદિ સંતો સાથેના મૈત્રીભાવ અને આત્મીયતાનાં સંસ્મરણોની સ્મૃતિ કરે છે.

ગુરુદેવ યોગીજી મહારાજે પ્રેમસ્વરૂપ સ્વામીજીને પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીની સાથે જ દીક્ષા આપી. યોગીબાપા પછી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીને ગુરુ તરીકે સ્વીકારી, તેઓના અનન્ય દાસ થઈને રહ્યા. પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીની નેતૃત્વશક્તિ અપ્રતિમ છે! હરિધામના સત્સંગ વિકાસમાં તેઓનું પ્રદાન અદ્‌ભુત છે. સૌને પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના સ્વરૂપનાં દર્શન કરાવી, ભક્તિસંપન્ન સમાજની રચનામાં પાયાનું અકલ્પ્ય કામ તેઓએ કર્યું છે. આવા આદર્શ સાધુ પ્રેમસ્વરૂપ સ્વામીજીને અમૃતપ્રાગટ્ય મંગલ અવસરે અનુપમ મિશન પરિવારના સંતો-અક્ષરમુક્તો અનંત વંદન ધરી, નિરામય દીર્ઘ-આયુ માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ધરે છે ! ◆

## શ્રી વડતાલધામ પદયાત્રા

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ૨૭ ડિસેમ્બર, રવિવારના રોજ કોવિડ-૧૯ અનુસંધાને અમલમાં મુકાયેલ આદેશોનું પાલન કરીને મર્યાદિત સંખ્યામાં શ્રી વડતાલધામ પદયાત્રા યોજાઈ. સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. શ્રેયસદાસ આદિ સંતોના સાંનિધ્યે સ્થાનિક યુવાનોએ પદયાત્રા રૂપી ભક્તિ અદા કરી. બ્રહ્મજ્યોતિ, મોગરીના નૂતન મંદિરે ધૂન કરી વહેલી સવારે પદયાત્રાનો આરંભ થયો. વડતાલ મંદિરે પહોંચી, શણગાર આરતીનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. સમસ્ત ગુણાતીત સમાજના સૌ સંતો-અક્ષરમુક્તોની સુખાકારી તથા નિરામય સ્વાસ્થ્ય માટે શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ સમક્ષ ધૂન-પ્રાર્થના કરવામાં આવી. ◆

## શ્રદ્ધાંજલિ



**પૂ. નિષ્કામજીવનદાસ સ્વામી (ગુરુજી) :** ગુરુદેવ યોગીજી મહારાજના પ્રસાદીભૂત સાધુ, જેમણે સાંકરદા કેન્દ્રમાં રહી, પ્રભુ ભજી અનેક મુક્તોને સત્સંગનું સુખ આપ્યું તેવા વડીલ સંતવર્ય પૂ. નિષ્કામજીવનદાસ સ્વામી (ગુરુજી) ૨૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પૂ. નિષ્કામજીવનદાસ સ્વામીજીએ ગુરુદેવ યોગીજી મહારાજના હસ્તે દીક્ષા પ્રાપ્ત કરી અને પછી પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના આશરે જીવન વ્યતીત કર્યું. તેઓને સંતભગવંત સાહેબજી માટે પહેલેથી જ ખૂબ પૂજ્યભાવ, એટલે જ જ્યારે તેઓ યોગીબાપા પાસે ભાગવતી દીક્ષા લેવા ગયા તે પહેલાં સંતભગવંત સાહેબજીનાં દર્શનાર્થે, આશિષ પ્રાપ્ત કરવા વલ્લભવિદ્યાનગર પધાર્યા હતા. તેઓએ પ.પૂ. પપ્પાજી, પ.પૂ. કાકાજી, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી આદિ સૌ ગુણાતીત સ્વરૂપોને રાજી કર્યા. સદૈવ નિર્બંધ રહી, માયાતીત અવસ્થામાં જીવી, કેવળ પ્રભુમાં જ બંધાઈને તેઓ આદર્શ જીવન જીવ્યા. સાધુની મર્યાદા, નિર્દોષબુદ્ધિની ભાવના સેવી કોઈ પણ પ્રકારનો આગ્રહ રાખ્યા વગર કેવળ પ્રાર્થના સ્વરૂપે સૂચન કરી સાંકરદા કેન્દ્રની અનેક જવાબદારીઓનું અપ્રતિમ સંચાલન તેઓએ કર્યું. પ.પૂ. અક્ષરવિહારી સ્વામીના સ્વધામગમન બાદ તેઓના અનુગામી તરીકે તથા સાંકરદા કેન્દ્રના નેતા સ્વરૂપે પૂ. નિષ્કામજીવનદાસ સ્વામીજી નિમાયા. તેઓનું જીવન પ્રત્યેક સાધક માટે દીવાદાંડી રૂપ બની રહ્યું. આવા અદભુત સાધુને વિદાયવેળાએ અનંત વંદન ! ◆



**પૂ. દિનકરદાદા દેસાઈ (નવસારી) :** ૩૧ ડિસેમ્બરે ૯૭ વર્ષની વયે પૂ. દિનકરદાદા અક્ષરધામ નિવાસી થયા. અંતિમ શ્વાસ સુધી પ્રભુમાં મસ્ત રહીને જીવ્યા. ગુણાતીત સમાજના દરેક કેન્દ્રોની, દાસભાવે, અપેક્ષા રહિત, માહાત્મ્યથી અને કેવળ પ્રભુ-પ્રસન્નતાર્થે છૂપી સેવાઓ કરી. તેઓએ સ્વાતંત્ર્ય સેનાની, નવસારી વિભાગના M.L.A. રહી સમાજસેવાનાં કાર્યો કર્યાં. અનુપમ મિશનનાં સેવાકાર્યોમાં પણ વખતોવખત તેઓના સહકાર પ્રાપ્ત થયા. પ.પૂ. પપ્પાજી અને સાહેબજીના વચને જીવનપર્યંત તેઓએ ખૂબ સેવાઓ કરી. તેઓના દીકરા પૂ. પીયૂષભાઈ અને પરિવારનાં સૌને આ ગુણવારસો આપ્યો. આવા સેવાહૃદયી દિનકરદાદાને વંદના ! ◆




બ્રહ્મસ્વરૂપ શ્રી જાગા સ્વામી અને બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણજી અદાના જીવન-અધ્યાત્મબોધનાં સંતભગવંત સાહેબજી દ્વારા માહાત્મ્યગાન... આશીર્દાન...





ગુરુદેવ યોગીજી મહારાજની જીવનભાવના અને હૃદયભાવનાને પારાયણ સ્વરૂપે પ્રસ્તુત કરતા સાધુ પૂ. મનોજદાસજીને સદ્‌ગુરુ સંતોનાં આશીર્દાન




૩૧ ડિસેમ્બર – શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષ દિન પ્રસંગે ગુરુસભાના યુવાનો દ્વારા ભક્તિ અર્પણ અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ





ડૉ. એન. સી. પટેલસાહેબે યોગી વિદ્યાપીઠના ચીફ ઍક્ઝિક્યૂટિવ ડાયરેક્ટર સ્વરૂપે સેવા પ્રારંભ કરી તે પ્રસંગે સદ્‌ગુરુ સંતોનાં આશીર્દાન





ઈ.સ. ૨૦૨૧ નૂતન વર્ષારંભે બ્રહ્મજ્યોતિ-મોગરી સ્થિત શિખરસંપન્ન મંદિરજીમાં સૌ સંતો-ભક્તોની સુખાકારી માટે પ્રાર્થનામગ્ન સંતભગવંત સાહેબજી



મંદિરજીની બેનમૂન શિલ્પકલાનાં દર્શન કરી પ્રસન્નતા વરસાવતા સંતભગવંત સાહેબજી



નૂતન વર્ષે મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજી અને સંતોનાં દિવ્ય દર્શન









નૂતન વર્ષની મંગલમિલન સભામાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં ડિજિટલ માધ્યમ દ્વારા દિવ્ય આશીર્દાન


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-1-21 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

* If Undelivered Please return to :

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**